અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ ફેબ્રુઆરી ૨૦૨૪, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ વદ અગિયારસ

વર્ષ : ૧૫
અંક : ૧૮૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**મોદીના કોંગ્રેસ સહિત વિપક્ષી પાર્ટીઓ પર આકરા પ્રહાર** | વડાપ્રધાનએ લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ બાદ ધન્યવાદના પ્રસ્તાવના જવાબો આપ્યા હતા

## કોંગ્રેસે આશાસ્પદ વિપક્ષી નેતાઓને આગળ આવવા દીધા નથી : પીએમ મોદી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૫ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૫ ફેબ્રુઆરી, સોમવારના રોજ લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ અંગે આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બજેટ સત્રના પહેલા દિવસે ૩૧ જાન્યુઆરીએ સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરી હતી. આ દરમિયાન રાષ્ટ્રપતિએ સરકારની ઉપલબ્ધિઓ ગણાવી હતી. આજે ધન્યવાદ પ્રસ્તાવનો જવાબ આપતા વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ સહિત વિપક્ષી પાર્ટીઓ પર આકરા પ્રહારો કર્યા હતા. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, હું વિપક્ષના પ્રસ્તાવની પ્રશંસા કરું છું. વિપક્ષે લાંબા સમય સુધી વિપક્ષી બેન્ચ પર બેસવાનો સંકલ્પ કર્યો છે. ભગવાન તમારી મનોકામના પૂર્ણ કરે. વિપક્ષે જે સંકલ્પ લીધો છે તેનાથી મારા અને દેશના વિશ્વાસની પુષ્ટિ થઈ છે. તેઓએ લાંબા સમય સુધી ત્યાં રહેવાનો સંકલ્પ કર્યો છે. જેમ તેઓ ઘણા દાયકાઓથી અહીં બેઠા હતા, તે જ રીતે તેઓ ઘણા વર્ષો સુધી ત્યાં બેઠા હશે. દાયકાઓ પણ. તેથી તમારો ત્યાં બેસવાનો સંકલ્પ જનતા પૂર્ણ કરશે.



વડાપ્રધાન મોદીએ પરિવારવાદને લઈને પણ કોંગ્રેસની ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ પાસે સારો વિપક્ષ બનવાની મોટી તક હતી. ૧૦ વર્ષ ઘણો લાંબો સમય હતો. પરંતુ તેઓ આ કાર્યમાં પણ નિષ્ફળ ગયા. રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ હવે એ જ પ્રોડક્ટને લોન્ચ કરવાના વારંવારના પ્રયાસો પછી દુકાન બંધ કરવાની અણી પર છે. વંશવાદની રાજનીતિને લઈને વિપક્ષો પર ખાસ કરીને કોંગ્રેસને નિશાન બનાવતા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, રાજનાથજીનો કોઈ પક્ષ નથી. અમિત શાહનો કોઈ પક્ષ નથી. કોંગ્રેસ પાર્ટીએ દેશવાસીઓની ક્ષમતા પર વિશ્વાસ નથી મૂક્યો. કોંગ્રેસ દેશવાસીઓની ક્ષમતાને ઓછી આંકી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, આ ચૂંટણીનું વર્ષ હતું, તમારે સખત મહેનત કરવી જોઈતી હતી, જનતાને સંદેશો આપવો જોઈતો હતો, પરંતુ તમે આમાં પણ નિષ્ફળ ગયા. આજે વિપક્ષની હાલત માટે કોંગ્રેસ પાર્ટી જવાબદાર છે. કોંગ્રેસે પ્રતિભાશાળી વિપક્ષના લોકો આવવા નથી દીધા. ગૃહમાં ઘણા સાંસદો છે, પરંતુ તેમને બોલવાની તક આપવામાં આવી રહી નથી.

કોંગ્રેસ પર કટાક્ષ કરતા પીએમ મોદીએ કહ્યું હતું કે, ક્યાં સુધી તમે ટુકડાઓમાં વિચારતા રહેશો? ક્યાં સુધી તમે સમાજમાં ભાગલા પાડતા રહેશો? જ્યાં સુધી વસ્તુઓ સારી થશે ત્યાં સુધી, આ ચર્ચા દરમિયાન ઓછામાં ઓછી કેટલીક સકારાત્મક વાતો તો કહેવાઈ હશે. કેટલાક સૂચનો આવ્યા હશે, પરંતુ દર વખતે આ રીતે વિપક્ષે દેશને ઘણો નિરાશ કર્યો છે. વિપક્ષની આ હાલત માટે કોંગ્રેસ સંપૂર્ણપણે જવાબદાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, હું જોઉં છું કે તમારા (વિપક્ષ)માંથી ઘણા લોકોએ ચૂંટણી લડવાની હિંમત ગુમાવી દીધી છે. મેં સાંભળ્યું છે કે ઘણા લોકો સીટો બદલવાની યોજના બનાવી રહ્યા છે. ઘણા લોકો લોકસભાને બદલે રાજ્યસભામાં જવા માંગે છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, રાષ્ટ્રપતિનું સંબોધન એક રીતે, હકીકતો પર આધારિત, વાસ્તવિકતા પર આધારિત એક વિશાળ દસ્તાવેજ છે, જે રાષ્ટ્રપતિ દેશ સમક્ષ લાવે છે. જો તમે આ સંપૂર્ણ દસ્તાવેજ જુઓ છો, તો તે વાસ્તવિકતાને સામેલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

જેના કારણે દેશ ઝડપી ગતિએ આગળ વધી રહ્યો છે. રાષ્ટ્રપતિએ ગતિવિધિઓ જે ઝડપે વિસ્તરી રહી છે તેનો હિસાબ આપ્યો છે. રાષ્ટ્રપતિએ ચાર મજબૂત સ્તંભોનો ઉલ્લેખ કર્યો છે. મહિલા શક્તિ, યુવા શક્તિ, ગરીબ અને ખેડૂતો, માછીમારો અને પશુપાલકો. તેમના સશક્તિકરણથી દેશ વિકસિત ભારત બનશે. તેના પર વિપક્ષના નેતા અધીર રંજને કહ્યું હતું કે, લઘુમતી ક્યાં છે? જેના જવાબમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, તમારે ત્યાં મહિલાઓ, યુવાનો, ગરીબો, ખેડૂતો અને માછીમારો કદાચ લઘુમતી નથી? ક્યાં સુધી તમે દેશને ટુકડામાં જોશો?

**ન્યૂઝ બ્રિફ**

### હેમંત સોરેન કેસમાં ૯ ફેબ્રુ. સુધી જવાબ દાખલ કરવા ઈડીને નિર્દેશ

| નવી દિલ્હી, તા.૫ |

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની કાર્યવાહી વિરુદ્ધ ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનની અરજી પર આજે ઝારખંડ હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. હેમંત સોરેનને આજે કોર્ટ તરફથી કોઈ રાહત મળી નથી. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ એસ. ચંદ્રશેખર અને જસ્ટિસ અનુભા રાવત ચૌધરીની બેંચે ઈડી પાસેથી ૯ ફેબ્રુઆરી સુધીમાં જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે આગામી સુનાવણી માટે ૧૨ ફેબ્રુઆરીની તારીખ નક્કી કરી છે. અગાઉ સુપ્રીમ કોર્ટે હેમંત સોરેનની અરજી પર સુનાવણી કરવાનો ઈક્કાર કરી દીધો હતો અને તેમને હાઈકોર્ટમાં જવાનો નિર્દેશ આપ્યો હતો.

## ચિલીમાં જંગલોમાં ભીષણ આગ લાગતા ૯૯ લોકોના મોત થયા

**ગૃહ પ્રધાન કેરોલિના તોહાએ કહ્યું કે વાલપરાઈસોમાં સ્થિતિ સૌથી ગંભીર છે, રસ્તાઓ પર લોકોના મૃતદેહો પણ જોવા મળી રહ્યા છે**

| (એજન્સી) નવી દિલ્હી, તા.૫ |

દક્ષિણ અમેરિકન દેશ ચિલીના જંગલોમાં આગ લાગવાથી ૯૯ લોકોના મોત થયા છે, જ્યારે ૧૧૦૦થી વધુ મકાનો બળીને ખાખ થઈ ગયા છે. ન્યૂઝ એજન્સી એએફપીએ આ જાણકારી આપી હતી. ઈમરજન્સી સેવા વિભાગ હેલિકોપ્ટર અને ટ્રકની મદદથી શહેરી વિસ્તારોમાં લાગેલી આગને ઓલવવાનો પ્રયાસ કરી રહ્યું છે. મોટી સંખ્યામાં લોકો દાઝી ગયા છે, જેના કારણે મૃત્યુઆંક વધી શકે છે. લગભગ ૧ મિલિયનની વસ્તી ધરાવતા મધ્ય ચિલીના વાલપરાઈસો પ્રદેશના ઘણા ભાગોને કાળા ધુમાડાએ ઢાંકી દીધા હતા. દરિયાકાંઠાના શહેર વિના ડેલ મારની આસપાસના વિસ્તારો સૌથી વધુ પ્રભાવિત થયા છે. ગૃહ પ્રધાન કેરોલિના તોહાએ કહ્યું કે વાલપરાઈસોમાં સ્થિતિ સૌથી ગંભીર છે. રસ્તાઓ પર લોકોના મૃતદેહો પણ જોવા મળી રહ્યા છે. ૨૦૧૦ના ભૂકંપ બાદ ચિલીમાં આ સૌથી મોટી દુર્ઘટના છે. ભૂકંપના કારણે લગભગ ૫૦૦ લોકો માર્યા ગયા હતા. રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરીકે એક ટેલિવિઝન સંબોધનમાં કહ્યું કે પરિસ્થિતિ ખૂબ જ મુશ્કેલ છે. હાલ આગ ૪૩ હજાર હેક્ટરમાં ફેલાઈ ગઈ છે. રિપોર્ટ અનુસાર, ભીષણ આગે શહેરના પહાડી વિસ્તાર વિલા ઈન્ડિપેન્ડેનિયાને પણ લપેટમાં લીધું છે. સળગી ગયેલી કાર રસ્તા પર જોવા મળે છે. મધ્ય અને દક્ષિણ પ્રદેશોમાં ૯૨ જંગલોમાં આગ છે. સૌથી મોટી ચિંતા એ છે કે આગ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ફેલાઈ રહી છે. જેના કારણે લોકો, ઘરો અને સુવિધાઓને અસર થવાની સંભાવના છે. નોંધનીય છે કે ચિલીમાં ઉનાળામાં જંગલમાં આગ લાગવી સામાન્ય બાબત છે. ગયા વર્ષે અહીં વિક્રમી ગરમી દરમિયાન ફાટી નીકળેલી આગમાં ૨૭ લોકોના મોત થયા હતા અને ૪૦૦,૦૦૦ હેક્ટરથી વધુ જમીનને અસર થઈ હતી.



### ચીલીના જંગલોમાં આગનો મૃત્યુઆંક વધીને ૯૯ થયો

મધ્ય અને દક્ષિણ ચિલીના ગીચ વસ્તીવાળા વિસ્તારની આસપાસ જંગલમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ભીષણ આગમાં મૃત્યુઆંક વધીને ૯૯ થઈ ગયો છે જેમાંથી હાલ ૩૨ મૃતકોની ઓળખ કરવામાં આવી છે. અધિકારીઓનું કહેવું છે કે હજુ પણ મૃત્યુઆંક વધી શકે છે. આગ પર કાબુ મેળવવામાં માટે ૧૯ હેલિકોપ્ટર અને ૪૫૦થી ફાયર ફાઈટર તૈનાત કરવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧,૬૦૦ ઘરો બળીને ખાખ થયા છે. આ ઉપરાંત હજારો લોકોને તેમના ઘર ખાલી કરવા માટે પણ અપીલ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે દરિયાકાંઠાના પ્રવાસી શહેર વિના ડેલ મારની આસપાસના વિસ્તારો વધુ પ્રભાવિત થયા છે. રાહત અને બચાવ ટીમને અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

**ભારતનો વિરોધ કરવો માલદીવને ભારે પડી રહ્યો છે**

### માલદીવના રાષ્ટ્રપતિ મોઈજ્જુની ભાષણનો બે વિપક્ષો બહિષ્કાર કરશે

| (એજન્સી) માલી, તા.૫ |

માલદીવના ચીન તરફી રાષ્ટ્રપતિ મોહમ્મદ મોઈજ્જુ માટે ભારતનો વિરોધ મોંઘો સાબિત થઈ રહ્યો છે. તેમના દેશની જ સંસદમાં આ સ્ટેન્ડ પર સમર્થન મળી રહ્યું નથી. હવે સંસદમાં તેમના ભાષણ પહેલા માલદીવની બે મુખ્ય વિપક્ષી પાર્ટીઓએ બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. માલદીવિયન ડેમોક્રેટિક પાર્ટી (એમડીપી) અને ડેમોક્રેટ્સ પાર્ટી આજે માલદીવની સંસદમાં રાષ્ટ્રપતિના ભાષણનો બહિષ્કાર કરશે. ગૃહમાં સૌથી વધુ બેઠકો ધરાવતી માલદીવિયન ડેમોક્રેટિક પાર્ટીએ હજુ સુધી એવું કહ્યું નથી કે તે મુઈજ્જુના સંબોધનનો બહિષ્કાર કરવા જઈ રહી છે. જ્યારે ડેમોક્રેટ્સે કહ્યું છે કે તેઓ ત્રણ મંત્રીઓની નિમણૂકને લઈને રાષ્ટ્રપતિના સંબોધનમાં ભાગ લેશે નહીં. ઉલ્લેખનીય છે કે વિરોધ પક્ષોએ ત્રણ મંત્રીઓની નિમણૂકનો વિરોધ કર્યો હતો. આમ છતાં સરકારે ત્રણ સભ્યોને ફરી મંત્રી બનાવ્યા હતા. તમને જણાવી દઈએ કે વર્ષના પહેલા સત્ર પહેલા સંસદમાં રાષ્ટ્રપતિનું ભાષણ થવાનું છે. આ ભાષણમાં તેઓ દેશના વિકાસ કાર્યો અનેભવિષ્યની યોજનાઓ વિશે જણાવશે. માલદીવના રાષ્ટ્રપતિ મોઈજ્જુ ચીનના કટ્ટર સમર્થક છે. વિરોધ પક્ષોને પણ આ સ્ટેન્ડ પસંદ નથી. બંને મુખ્ય વિપક્ષી દળોએ પહેલા જ કહ્યું હતું કે ભારત માલદીવનું લાંબા સમયથી સાથી છે અને આગળ પણ રહેશે.

### યુક્રેને રશિયા પર હુમલો કરતા ૯ મહિલા સહિત ૨૮નાં મોત

| નવી દિલ્હી, તા.૫ |

યુક્રેન હુમલામાં ૯ મહિલાઓ અને એક બાળક સહિત કમસે કમ ૨૮ લોકોના મોત થઈ ગયા છે. યુક્રેનના સશસ્ત્ર દળોએ આ હુમલો રશિયા-નિયંત્રિત પૂર્વી યુક્રેનમાં એક બેકરી અને રેસ્ટરન્ટ પર કર્યો છે. હુમલામાં હાઈ મોબિલિટી આર્ટિલરી રોકેટ સિસ્ટમનો ઉપયોગ કર્યો હતો. આ સંબંધમાં રશિયાએ રવિવારે કહ્યું કે યુક્રેને નવ મહિલાઓ અને એક બાળક સહિત કમસે કમ ૨૮ લોકોનો જીવ લીધો છે. તેના સશસ્ત્ર દળોની રોકેટથી રશિયા નિયંત્રિત પૂર્વી યુક્રેનમાં એક બેકરી અને રેસ્ટોરન્ટને ટાર્ગેટ કર્યો છે.

રશિયા સમર્થિત અધિકારીઓએ કહ્યું કે, યુક્રેને શનિવારે અમેરિકાથી સપ્લાઈ કરેલી હાઈ મોબિલિટી આર્ટિલરી રોકેટ સિસ્ટમની સાથે લિસિચાંસ્ક શહેરની એક બેકરી પર હુમલો કર્યો હતો. તેમણે કહ્યું કે, ઈમરજન્સી વર્કર્સે રેસ્ટોરન્ટના કાટમાળમાં બચેલા લોકોની શોધખોળમાં છે.









ન્યૂઝ બ્રિફ

## કોંગ્રેસના સાત ધારાસભ્યો પક્ષ છોડે એવી શક્યતા

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

લોકસભા ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ભાજપે ઓપરેશન લોટસ શરૂ કર્યુ છે જેના પગલે કોંગ્રેસના ધારાસભ્યોથી માંડીને નેતા-કાર્યકરોએ કમલમ તરફ દોટ માંડી છે. એવી જાણકારી મળી રહી છે કે, ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા-વર્તમાન ધારાસભ્યો ભાજપના સંપર્કમાં છે. આગામી દિવસોમાં કોંગ્રેસના વધુ સાતેક ધારાસભ્યો ગમે તે ઘડીએ પક્ષપલટો કરી શકે છે. ગુજરાત કોંગ્રેસની દશા વધુને વધુ કફોડી બની રહી છે. છેલ્લાં પાંચેક વર્ષમાં જ કોંગ્રેસના ૮૦થી વધુ ધારાસભ્યો પક્ષની વંડી ઠેકીને કેસરિયો ખેસ ધારણ કરી ચૂક્યા છે. ૭૭માંથી ૧૭ ધારાસભ્યો સુધી પહોંચેલી કોંગ્રેસ હજુય તુટતી જ જાય છે. સી.જે.ચાવડા અને ચિરાગ પટેલ રાજીનામુ આપી ચૂક્યા છે. હજુ સાતેક ધારાસભ્યો ગમે તે ઘડીએ પક્ષપલટો કરવાની ફિરાકમાં છે જેમાં બાબુ વાજા, રઘુ દેસાઈ, અમરીશ ડેર, ભીખાભાઈ જોશી, વિમલ ચુડાસમા, લલિત વસોયાનો સમાવેશ થાય છે. એવી ચર્ચા છે કે અર્જૂન મોઢવાડિયા અને શૈલેષ પરમારનું મંત્રીપદ માટે અટક્યુ છે.

## અમદાવાદ-મસ્કત સીધી ફ્લાઈટ શરૂ કરવા માગણી

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

ગુજરાતમાં તાજેતરમાં રજૂ થયેલા બજેટમાં રાજ્યને અન્ય રાજ્યો સાથે જોડવા અને રાજ્યના શહેરોને એક બીજા સાથે જોડવા એર કનેક્ટિવિટીને વિસ્તારવા માટે જોગવાઈની જાહેરાત કરવામાં આવી છે ત્યારે દેશથી દૂર રહેતા મસ્કતવાસીઓને ફરી આશા જાગી છે કે તેમની ઘણા સમયની માગણી પૂરી થશે. મસ્કતમાં લગભગ ૫૦,૦૦૦થી વધારે ગુજરાતીઓ રહે છે. જેમાંથી મોટી સંખ્યામાં કચ્છવાસીઓનો સમાવેશ થાય છે. મૂળ ગુજરાતના આ લોકો વર્ષોથી કામધંધા માટે મસ્કત જઈ વસ્યા છે. જોકે વિશ્વના ગમે તે ખૂણે હોઈએ, વતન તો યાદ આવે જ. આ મસ્કતના ગુજરાતીઓને પણ વતન પર એટલો જ પ્રેમ છે, પરંતુ હાલમાં તેમની માટે સમસ્યા એ ઊભી થઈ છે કે પોતાના વતન આવવા માટે સીધી ફ્લાઈટ નથી. મસ્કતથી અમદાવાદ વચ્ચે ડાયરેક્ટ એર કનેક્ટિવિટી ન હોવાથી અહીંના લોકોએ ફરી ફરીને મુંબઈ અથવા અમદાવાદ કે સુરત પહોંચવું પડે છે.

### હેટ સ્પિચ બદલ મુંબઈમાં કાર્યવાહી કરવામાં આવી

# મૌલાના મુફ્તી સલમાન અઝહરીની મુંબઈથી ધરપકડ કરી અમદાવાદ લવાયો

### મુફ્તી અઝહરીને જૂનાગઢની કોર્ટમાં રજૂ કરાશે, ગુજરાત એટીએસ મુફ્તી અઝહરીને લઈને જૂનાગઢ જવા રવાના

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

ગુજરાત એટીએસ દ્વારા મૌલાના મુફ્તી સલમાન અઝહરીની મુંબઈથી ધરપકડ કરવામાં આવી છે. હેટ સ્પિટ બદલ મુંબઈમાં કાર્યવાહી કરવામાં આવી હતી. હવે ગુજરાત એટીએસને બે દિવસના ટ્રાન્ઝીટ રિમાન્ડ મળતા મૌલાનાને મુંબઈથી અમદાવાદ લાવવામાં આવ્યો છે. મુફ્તી અઝહરીને આવતીકાલે જૂનાગઢની કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

હાલ ગુજરાત એટીએસ મુફ્તી અઝહરીને લઈને જૂનાગઢ જવા માટે રવાના થઈ ગઈ છે. અઝહરની ધરપકડ રોકવા માટે મોટી સંખ્યામાં તેમના સમર્થકોએ પોલીસ સ્ટેશનની બહાર એકઠા થઈ ગયા હતા અને પોલીસની વિરોધમાં નારેબાજી કરીને હોબાળો કર્યો



હતો. જો કે મુંબઈ પોલીસે એકઠા થયેલા લોકો પર કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે જુનાગઢના કાર્યક્રમમાં સલમાન અઝહરીએ ભડકાઉ ભાષણ કરી લોકોને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો. આ ભાષણના વિડીઓ વાયરલ થતા જૂનાગઢ પોલીસે આયોજકો સહિત સલમાન અઝહરી વિરૂદ્ધ ફરિયાદ નોંધી તપાસ શરુ કરી હતી. ૩૧મી જાન્યુઆરીએ જૂનાગઢ ખાતે મુસ્લિમ સમાજના વ્યસનમુક્તિ માટેના કાર્યક્રમ અને જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સભામાં વક્તા તરીકે મુંબઈના મૌલાના મુફ્તિ સલમાન અઝહરીને બોલાવાયા હતા. તેમણે પોતાના વક્તવ્ય દરમિયાના ઉપસ્થિત ટોળાને ઉશ્કેરવાના પ્રયાસ કર્યા હતા. તેમના ભડકાઉ ભાષણના કેટલાક અંશો તરત જ વાયરલ થયા હતા આ વીડીઓ વાયરલ થતાં જ જૂનાગઢ પોલીસ હરકતમાં આવી ગઈ હતી. પોલીસે આ કાર્યક્રમના આયોજકોની ધરપકડ કરી હતી અને સલામન અઝહરીને ઝડપી લેવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા. કેસની ગંભીરતા જોતાં ગુજરાત એટીએસ પણ હરકતમાં આવી ગઈ હતી. એટીએસની ટીમ મુંબઈ પહોંચી ગઈ હતી અને મહારાષ્ટ્ર એટીએસ તથા સ્થાનિક પોલીસની મદદથી સલમાન અઝહરીના ઘાટકોપર ખાતેના નિવાસ સ્થાને પહોંચી તેની અટક કરી લીધી હતી.

પોલીસે સ્થાનિક પોલીસ ચોકી ખાતે તેની એન્ટ્રી કરાવી તેને ગુજરાત લાવવા માટેની કવાયત શરૃ કરી છે. હાલ સલમાન અઝહરીને મુંબઈથી અમદાવાદ એટીએસ હેડક્વાર્ટર ખાતે લાવી છે. અહીંથી ટીમ અઝહરીને જૂનાગઢ લઈ જવા માટે રવાના થઈ ગઈ છે. અઝહરીને ગુજરાત લાવ્યા બાદ જૂનાગઢ પોલીસ તેની તપાસ કરશે. ઉલ્લેખનીય છે કે તેણે અગાઉ પણ ભડકાઉ ભાષણો આપ્યા છે.

### ગૌતમ અદાણી રચશે ઈતિહાસ!

# ગુજરાતમાં ૧૦ હજાર કરોડમાં વિશ્વનો કોપર પ્લાન્ટ સ્થપાશે

### ભારત તાંબાના ઉત્પાદનમાં ઝડપથી વધારો કરી રહ્યું છે, જે અશ્મિભૂત ઇંધણનો ઉપયોગ ઘટાડવા માટે મહત્વની ધાતુ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

એશિયાના બીજા સૌથી ધનિક બિઝનેસમેન ગૌતમ અદાણી ઈતિહાસ રચવા જઈ રહ્યા છે. આ કામમાં તેઓ લગભગ ૧૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. ગૌતમ અદાણી ગુજરાતના મુન્દ્રામાં વિશ્વનું સૌથી મોટું સિંગલ લોકેશન કોપર મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપવા જઈ રહ્યું છે. માહિતી અનુસાર, આ પ્લાન્ટ ભારતની આયાત પર નિર્ભરતા ઘટાડવામાં અને ઊર્જા સંક્રમણમાં મદદ કરશે. આ બાબતની જાણકારી ધરાવતા બે સૂત્રોએ જણાવ્યું હતું કે ૧.૨ બિલિયન યુએસ ડૉલરના રોકાણથી બનેલ આ પ્લાન્ટ માર્ચના અંત સુધીમાં પ્રથમ તબક્કાનું કામકાજ શરૂ કરશે. તેમણે કહ્યું કે આ પ્લાન્ટ ૨૦૨૯ સુધીમાં ૧૦ લાખ ટનની ક્ષમતા સાથે સંપૂર્ણ પાયે કામગીરી શરૂ કરશે. ચીન અને અન્ય દેશોની જેમ ભારત પણ તાંબાના ઉત્પાદનમાં ઝડપથી વધારો કરી રહ્યું છે, જે અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ ઘટાડવા માટે મહત્વની ધાતુ છે. ઈલેક્ટ્રિક વાહનો (EV), ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સોલાર ફોટોવોલ્ટેઈક (PV), પવન ઉર્જા અને બેટરી જેવી ઉર્જા સંક્રમણ માટે મહત્વપૂર્ણ ટેક્નોલોજીઓને તાંબાની જરૂર પડે છે. અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ (AEL)ની પેટાકંપની કચ્છ કોપર લિમિટેડ (KCL) બે તબક્કામાં વાર્ષિક ૧ મિલિયન ટન ક્ષમતાનો કોપર રિફાઈનરી પ્રોજેક્ટ સ્થાપી રહી છે. પ્રથમ તબક્કામાં પ્રતિવર્ષ પાંચ લાખ ટનની ક્ષમતા શરૂ કરવામાં આવશે. આ માટે KCLએ જૂન ૨૦૨૨માં ધિરાણ મેળવ્યું હતું. એક સૂત્રોએ જણાવ્યું હતું કે અદાણી ગ્રૂપ રિસોર્સિસ બિઝનેસ, લોજિસ્ટિક્સ, રિન્યુએબલ એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં તેની મજબૂત સ્થિતિનો લાભ લઈને કોપર બિઝનેસમાં વૈશ્વિક લીડર બનવા માંગે છે.

### ૫૦૦ કરોડના ખર્ચે સરદાર ધામનું નિર્માણ થશે

# અંત્રોલી ખાતે સરદાર ધામનો ભૂમિ પૂજન કાર્યક્રમ યોજાયો

### ૩૧ વીઘા જેટલી વિશાળ જગ્યામાં તૈયાર થનાર સરદાર ધામમાં તમામ આધુનિક શૈક્ષણિક સુવિધા ઉભી કરાશે

। (એજન્સી) સુરત, તા.૫ ।

સુરતના અંત્રોલી ખાતે સરદાર ધામનું ભૂમિ પૂજન કાર્યક્રમ યોજાયો હતો. ૫૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર સરદાર ધામના ભૂમિ પૂજન કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીઓ, પાટીદાર સમાજના દાતાઓ તેમજ પાટીદાર સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સુરતના કામરેજ તાલુકાના અંત્રોલી ખાતે સરદાર ધામનો ભૂમિ પૂંજન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા, કેન્દ્રીય પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ મંત્રી પરષોત્તમ રૂપાલા, ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી, શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયા સહિત રાજકીય આગેવાનો હાજર રહ્યા હતા. કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ પામનાર સરદાર ધામના ભૂમિ પૂજન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પાટીદાર સમાજના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સરદાર ધામ તૈયાર કરવામાં માટે લાખો-કરોડો રૂપિયાનું દાન આપનાર દાનવીરોનું મંચ ઉપર સ્વાગત કરવામાં આવ્યું હતું. કામરેજના અંત્રોલી ગામની સીમમાં ૩૧ વીઘા જેટલી વિશાળ જગ્યામાં તૈયાર થનાર સરદાર ધામમાં તમામ આધુનિક શૈક્ષણિક સુવિધાઓ ઉભી કરવામાં આવશે. તેના ફેઝમાં ૫૦૦ કરોડના ખર્ચે સરદાર ધામ તૈયાર કરવામાં આવશે. જેમાં ૨૦૦૦ દીકરા-દીકરીઓ માટે છાત્રાલય, સિવિલ સર્વિસ કેન્દ્ર, જ્યુડીશરી, સપોર્ટ કોમ્પલેક્સ, ડિફેન્સ એકેડેમી, સ્કીલ ડેવલપમેન્ટ, વર્કશોપ સહિતની તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવશે. સરદાર ધામના મુખ્ય દાતા જયંતીભાઈ બાબરીયા, સરદાર ધામના પ્રમુખ ગગજી ભાઈ સુતરીયા અને અગ્રણી દાતાઓના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ સાથે ભૂમિપુંજન કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો.

# કપાસના ભાવ સાધારણ થતા ખેડૂતોમાં કચવાટ

। (એજન્સી) અમરેલી, તા.૫ ।

રાજ્યમાં અમરેલી જિલ્લો કપાસના વાવેતરમાં અગ્રેસર છે. પરંતુ હાલ ખેડૂતોને સારા ભાવ મળતા નથી. હાલ કપાસના ભાવ ૧૪૫૦ રૂપિયાની આસપાસ છે. કપાસના ભાવમાં ઘટાડો થવાને કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. કપાસની ખેતીમાં ખર્ચ વધારે છે. દવા, ખાતર, મોંઘા બિયારણ અને મજુરી ખર્ચ ખૂબ જ લાગે છે. કપાસનો પાક તૈયાર થયા બાદ ભાવ ન મળતા ખેડૂતોમાં કચવાટ જોવા મળ્યો છે. એક સમયે કપાસના ભાવ ૧૫૦૦ રૂપિયાએ પહોંચી ગયો હતો. હાલ ૧૪૦૦ રૂપિયાથી લઈને ૧૪૫૦ રૂપિયાની અંદર ભાવ મળી રહ્યાં છે. અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં કપાસનું વાવેતર કરવામાં આવે છે અને કપાસનું ઉત્પાદન પણ ખેડૂતો મેળવે છે. અમરેલી જિલ્લામાં મોટાભાગના ખેડૂતોએ કપાસનું વાવેતર કર્યું હતું અને હાલ કપાસના ભાવમાં એક સપ્તાહમાં ૨૦ થી ૩૦ રૂપિયા સુધીનો ઘટાડો જોવા મળી રહ્યો છે. અમરેલી જિલ્લો કપાસના વાવેતરમાં અગ્રેસર છે. પરંતુ ભાવ પુરતા મળતા નથી. ખેડૂત જગદીશભાઈ મુળાભાઈ પીઠવડી એ જણાવ્યું હતું કે, પોતે દર વર્ષની જેમ આ વર્ષે પણ પાંચ વિઘાથી વધુ જમીનમાં કપાસનું વાવેતર કર્યું હતું. પરંતુ સૌપ્રથમ ૧૬૫૧ સુધી ભાવ મળી રહેતા હતા. પરંતુ હાલ ૧૪૫૦ રૂપિયા ભાવ મળી રહ્યાં છે. જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં ૧૪૦૦૦ મણ કપાસની આવક નોંધાઈ હતી અને ૧,૦૦૦ થી ૧,૪૯૫ રૂપિયા સુધી ભાવ નોંધાયો હતો. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં ૨૩,૦૦૦ મણ કપાસની આવક નોંધાઈ હતી. કપાસનો ભાવ ૧૧૪૦ થી ૧,૪૮૩ રૂપિયા સુધી નોંધાયો હતો. સૌરાષ્ટ્રમાં જામનગર, રાજકોટ યાર્ડમાં કપાસનાં પ્રમાણમાં સારા ભાવ છે.

### પાટણના ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું

# વાતાવરણમાં ફેરફારના કારણે એરંડાના પાકનો ફાલ ખરવા લાગ્યો

। (એજન્સી) પાટણ, તા.૫ ।

જિલ્લાના ખેડૂતોએ મોટા ખર્ચાઓ કરી એરંડાના પાકનું વાવેતર કર્યું પણ ત્યારબાદ પાક ઉભો થવા આવ્યો ત્યાં વાતાવરણમાં એકાએક બદલાવ જોવા મળ્યો છે. જેમાં સવારે ઠંડી સાથે ઠાર અને ત્યાર બાદ ગરમી નું વાતાવરણ સર્જાતા એરંડાના છોડ પર આવેલ માળો એકાએક ખરવા લાગી છે. જેને લઈ ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યા છૅ. આ પ્રકારના વાતાવરણને લઈ પાક ઉત્પાદન પર મોટી અસર થાય તેવી ભીતિ ખેડૂતો સેવી રહ્યા છૅ.

પાટણ જિલ્લાના ખેડૂતોએ ઘણી આશાઓ સાથે ખેડ, ખાતર, બિયારણ પાછળ મોટા ખર્ચાઓ કરી એરંડાના પાકનું વાવેતર કર્યું અને ત્યારબાદ અનેક મુશ્કેલીઓ વેઠી પાક ઉભો કર્યો ત્યારે હવે વાતાવરણમાં એકા એક પલટો આવતા ઉભા એરંડાના ઉભા પાકમાંથી માળો ખારવા લાગી છૅ.

સવારે ઠંડી સાથે ઠાર અને ત્યાર બાદ ગરમીનું વાતાવરણ ઉભું થતા એરંડાના છોડ પર આવેલ માળો એકાએક ખરવા લાગી છે.



જેને લઈ ખેડૂતો ચિંતાતુર બન્યા છૅ અને આ પ્રકારના વાતાવરણની સીધી અસર પાક પર પડતા ઉત્પાદનમાં મોટો ઘટાડો આવે તેવી સંભાવના ખેડૂતો સેવી રહ્યા છૅ. અગાઉ કમોસમી માવઠું થતા પાકમાં નુકશાની વેઠવી પડી અને હવે વાતાવરણમાં બદલાવ આવતા સવારે ઠાર પડતા પાકમાં માળો ખરવા લગતા ઉત્પાદન પર મોટી અસર થવા પામશે.

**વિશેષ** ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ ડો. ડી. વાય. ચંદ્રચૂડે વર્ચ્યુઅલી ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને દીક્ષાંત પ્રવચન આપ્યું : મુખ્યમંત્રી

# નવી શિક્ષણ નીતિના અમલીકરણથી ભારતની જ્ઞાનની ગૌરવપૂર્ણ પરંપરાનું પુનરોત્થાન થયું : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

### વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના ૭૨માં પદવિદાન સમારોહમાં મુખ્યમંત્રી હસ્તે કુલ ૩૪૫ સુવર્ણપદકો કરાયા એનાયત

। (માહિતી) અમદાવાદ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વમાં નવી શિક્ષણ નીતિના અમલીકરણથી ભારતની જ્ઞાનની ગૌરવપૂર્ણ પરંપરાનું પુનરોત્થાન થયું છે. આ નવી શિક્ષણ નીતિમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડની પ્રેરણાના પણ દર્શન થાય છે. તેમણે ઉમેર્યું કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં માતૃભાષામાં શિક્ષણની હિમાયત કરવામાં આવી છે. દેશમાં હવે ઉચ્ચ શિક્ષણમાં પણ માતૃભાષામાં અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. માતૃભાષા હોય કે નવોન્મેષ શોધસંશોધન, ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ જ્ઞાન કેન્દ્રિત રહી છે. હારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના ૭૨માં પદવિદાન સમારોહમાં કુલ ૨૩૧ વિદ્યાર્થિનીઓ અને ૧૧૩ વિદ્યાર્થીઓ મળી કુલ ૩૪૫ સુવર્ણપદકો મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવો દ્વારા અર્પણ કરવામાં આવ્યા હતા. સાથે તેમણે યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત પુસ્તકનું વિમોચન પણ કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની યુવાશક્તિ માટે સુવર્ણકાળ આવ્યો છે, એમ કહેતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વિકસિત રાષ્ટ્રના નિર્માણ માટે યુવાશક્તિના ઘડતર અને અભ્યુદયથી યુનિવર્સિટીઓ મહત્વનું યોગદાન આપી રહી છે. દેશના યુવાનો સામે અત્યારે અનેક તકો ઉભી થઈ છે. તેની પ્રતીતિ કેન્દ્ર સરકારના બજેટમાં પણ થાય છે. જેમાં દેશની પ્રગતિનો મુખ્ય આધાર સમક્ષ સબળ-સક્ષમ યુવાશક્તિને ગણાવવામાં આવ્યો છે.



વડાપ્રધાનશ્રીએ શિક્ષણના બજેટમાં સાત ટકા જેટલો ધરખમ વધારો કર્યો છે.

રાજ્ય સરકાર દ્વારા પ્રસ્તુત થયેલા બજેટમાં શિક્ષણ માટે આર્થિક જોગવાઈમાં ૨૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૫૫,૧૧૪ કરોડ ફાળવવામાં આવ્યા છે, તેમ ગૌરવ સહ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્યના બજેટમાં ગરીબ, યુવાનો, અન્નદાતા અને નારીશક્તિ સાથે શિક્ષણને મહત્તમ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ફ્યુચરસ્ટિક અને ડિસરપ્ટિવ ટેક્નોલોજીને વેગ આપવા માટે એન્જીનિયરિંગ કોલેજમાં રિસર્ચ પાર્ક સ્થાપવા માટે રૂ. ૧૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. બજેટની વિશેષતાઓની ભૂમિકા આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવ્યું કે, સરકારી એન્જીનિયરિંગ અને પોલિટેકનિક કોલેજોમાં ગ્રિન હાઈડ્રોજન ટેક્નોલોજી, ફિનટેક જેવા ઉભરતા ક્ષેત્રોના સેન્ટર ઓફ એક્સલન્સ, સ્પોર્ટ ટેક્નોલોજી સેન્ટરની સ્થાપના માટે રૂ. ૩૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ અદ્યતન સેન્ટરથી યુવાનોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણની સુવિધાઓ પ્રાપ્ત થશે.

નવસ્નાતકોને શીખ આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ડિગ્રી મળતાની સાથે યુવાનોની વ્યવસાયિક જીવનનો પ્રારંભ થાય છે. યુનિવર્સિટીમાંથી જે શિક્ષણ મેળવ્યું છે, એના ઉપયોગ થકી સમાજને પરત આપનો સમય છે. શિક્ષણનો ઉદ્દેશ જ બહેતર સમાજ અને ઉન્નત રાષ્ટ્ર નિર્માણનો છે. યુનિવર્સિટીમાંથી મેળવેલા જ્ઞાન થકી છાત્રો સમસ્યાઓના સમાધાન શોધવા, રોજગારીના સર્જનમાં મદદરૂપ બને એ જરૂરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવવાની સંકલ્પનાને સાકાર કરવા યોગદાન આપવા તેમણે યુવાનોને આહ્વાન કરતા કહ્યું કે, રાજ્યમાં ગ્લોબલી એમ્પ્લોયેબલ વર્કફોર્સ તૈયાર કરવાનું લક્ષ્ય છે. કૌશલ્યવાન યુવાશક્તિના કૌવતથી વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતના નિર્માણ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. વિશ્વની શ્રેષ્ઠ ૧૦૦ શૈક્ષણિક સંસ્થાઓ પૈકી એક ગુજરાત અને શ્રેષ્ઠ ૨૫૦માં લઘુત્તમ ૧૦ સંસ્થાઓ ગુજરાતની હોય એવી પ્રતિબદ્ધતા તેમણે દર્શાવી હતી. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રારંભે મહારાજ સયાજીરાવને યાદ કરી તેમના શિક્ષણ ક્ષેત્રે યોગદાનને બિરદાવ્યું હતું. પદવિદાન સમારોહમાં વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયેલા ભારતના મુખ્ય ન્યાયાધીશ શ્રી ધનંજય ચંદ્રચૂડે પદવિધારક વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી આજનો દિવસ તેમનો હોવાનું જણાવ્યું હતું. વિદ્યાર્થીઓને સંબોધતા શ્રી ચંદ્રચૂડે કહ્યું કે, તમારી પાસે નવા વિચારો છે, પ્રચંડ આત્મવિશ્વાસ છે, કામ કરવાની ભરપૂર શક્તિ છે. જેનાથી તમે તમારી કારકિર્દીનું ઘડતર કરવાની સાથે સેવાભાવ સાથે સમાજમાં યોગદાન આપીને તમારું ઋણ ઉતારી શકો છો. શિક્ષણ એ સમાજ પાસેથી જે લીધું છે, તેને પરત અને વળતર આપવાનું માધ્યમ છે, તેમ તેમણે જણાવ્યું હતું. યુનિ.ના કેમ્પસમાં પ્રથમ પગ મૂકવાથી માંડીને આજે પદવિ ધારણ કરવા સુધીની યાત્રામાં વિદ્યાર્થીઓ સાથે તેમના પરિવારનો પણ અમૂલ્ય ફાળો અને ભોગ છે, તેમ શ્રી ચંદ્રચૂડે ઉમેર્યું હતું. આજના સમયમાં શિક્ષણ થકી જ સમગ્ર વિશ્વને સમૃદ્ધ બનાવી શકાય છે, તેમ જણાવી તેમણે શિક્ષણનું લક્ષ્ય માત્ર કારકિર્દી કે ડિગ્રી સર્ટિફિકેટ જ નથી, પરંતુ આદર્શ અને શ્રેષ્ઠ નાગરિક બનવા માટેની પ્રથા અને માર્ગ હોવાનું મક્કમતાથી જણાવ્યું હતું. ગોલ્ડ મેડલ અને પદવિ મેળવવામાં વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓની વધારે સંખ્યા આધુનિક ભારત માટે સીમાચિહ્નરૂપ છે તેમ જણાવી તેમણે આજના સમયને પરિવર્તનનો સમય ગણાવ્યો હતો. એમ. એસ. યુનિ.ને ૭૫ વર્ષ પૂર્ણ કરી અમૃતકાળમાં પ્રવેશવા બદલ શુભકામનાઓ પાઠવી સી. જે. આઈ. શ્રી ચંદ્રચૂડે સમાજ અને રાષ્ટ્રમાં ગુણાત્મક પરિવર્તન માટે શિક્ષણ સંસ્થાઓની ભૂમિકા અને મહત્તા વર્ણવી હતી. સુધારાઓ માટે શિક્ષણ સંસ્થાઓની મહેનતને તેમણે બિરદાવી હતી. સંસ્કારી નગરી વડોદરામાં આવું એટલે ગૌરવની લાગણી અનુભવાય તેમ સહર્ષ જણાવી શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે પદવી ધારણ કરનારા તમામ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને યુનિ.ના અમૃતકાળના પ્રથમ સ્નાતકો/અનુસ્નાતકો કહીને સંબોધ્યા હતા. શ્રી પટેલે પદવીધારક વિદ્યાર્થીઓને સામાજિક જીવનમાં પદાર્પણની શુભકામનાઓ પાઠવીને ગૌરવભેર જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતનો સંકલ્પ આપીને જે ભૂમિકા બાંધી છે, તેને પરિપૂર્ણ અને ચરિતાર્થ કરવાની જવાબદારી આજના શિક્ષિત યુવાવર્ગની છે.

## ન્યુઝ બોક્ષ

### ચંપઈ સોરેન સરકારે ૪૭-૨૯ મતથી વિશ્વાસનો મત જીતી લીધો



। (એજન્સી) રાંચી, તા.૫ ।

ઝારખંડમાં ઝારખંડ મુક્તિ મોરચા(જેએમએમ)ની આગેવાનીની ચંપઈ સોરેન સરકારે અગ્નિ પરીક્ષા પાસ કરી છે. નવા મુખ્યમંત્રી ચંપઈ સોરેને વિશ્વાસ મત હાંસલ કરી લીધો છે. મહત્ત્વનું છે કે, ફ્લોર ટેસ્ટમાં ભાગ લેવા પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેન અને ઝારખંડ મુક્તિ મોરચા (ઝામુમો)ના નેતૃત્વવાળા સત્તાધારી ગઠબંધનના તમામ ધારાસભ્ય વિધાનસભા હાજર રહ્યાં. ઝારખંડમાં ચંપઈ સરકારે વિશ્વાસ મત જીત્યો છે. ઝારખંડ વિધાનસભામાં વિશ્વાસ પ્રસ્તાવ પાસ થયો છે. વિશ્વાસ મતના પક્ષમાં ૪૭ મત પડ્યા અને વિરોધમાં ૨૯ મત પડ્યા છે. ઝારખંડની ચંપઈ સોરેન સરકારના ફ્લોર ટેસ્ટમાં પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેને કહ્યું કે, '૩૧ જાન્યુઆરીનો કાળો દિવસ દેશની લોકશાહીમાં જુદી રીતે જોડાયો. હું જાણું છું ત્યાં સુધી એ દિવસે દેશમાં પહેલીવાર કોઈ મુખ્યમંત્રીની ધરપકડ થઈ. મને લાગે છે કે, આ ઘટનાને અંજામ આપવા માટે ક્યાંક ને ક્યાંક રાજભવન પણ સામેલ છે. જે રીતે આ બધું થયું, તે જાણીને હું આશ્ચર્યચકિત છું.' ઝારખંડના પૂર્વ સીએમ અને જેએમએમના નેતા હેમંત સોરેને કહ્યું, 'અમે હજુ હાર નથી માની.

### પાકિસ્તાનમાં પોલીસ સ્ટેશન પર હુમલામાં ૧૦ પોલીસનાં મોત

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૫ ।

પાકિસ્તાનમાં ૮મી ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણી યોજાવાની છે, જે પહેલા આતંકવાદી ગતિવિધિઓ વધી ગઈ છે. ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના ડેરા ઈસ્માઈલ ખાનમાં એક પોલીસ સ્ટેશન પર આતંકી હુમલો થયો છે, જેમાં ૧૦ પોલીસકર્મીઓના મોત થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લામાં પોલીસ સ્ટેશન પર થયેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૦ પોલીસકર્મીઓ માર્યા ગયા છે અને છ અન્ય ઘાયલ થયા છે, જેમને ડીએચક્યુહોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આતંકવાદીઓએ જિલ્લાના તહસીલ દરબનમાં પોલીસ સ્ટેશન પર ચારે બાજુથી ગ્રેનેડ ફેંક્યા અને જોરદાર ગોળીબાર કર્યો હતો. સરકારી એજન્સીએ કહ્યું કે પોલીસે જવાબી કાર્યવાહી કરી, પરંતુ આતંકવાદીઓ ત્યાંથી ભાગી ગયા હતા. સ્થાનિક સમાચાર એજન્સીના અહેવાલ અનુસાર, વિસ્ફોટક સામગ્રી એક શોપિંગ બેગમાં રાખવામાં આવી હતી. ચૂંટણી પંચે આ મામલે જિલ્લા મોનિટરિંગ ઓફિસર અને વરિષ્ઠ પોલીસ અધિક્ષક (એસએસપી) દક્ષિણ પાસેથી રિપોર્ટ માંગ્યો હતો. પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં ૩૦મી જાન્યુઆરીએ બોંબ વિસ્ફોટમાં ૪ લોકોના મોત થયા હતા. મૃતકમાં પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ના ત્રણ કાર્યકર્તાનો પણ હતા. આ વિસ્ફોટ ઈમરાન ખાનને ૧૦ વર્ષની જેલની સજા સંભળાવ્યાના થોડા કલાકો બાદ પાર્ટી દ્વારા આયોજીત એક રેલી દરમિયાન થયો હતો.

### સાઉથ આફ્રિકા-ન્યૂઝિલેન્ડ પ્રથમ ટેસ્ટ

# વિલિયમસને ટેસ્ટમાં ૩૦મી સદી સાથે વિરાટ-બ્રેડમેનને પાછળ છોડી દીધા

### ભારતના વિરાટ અને સર ડોન બ્રેડમેને અત્યાર સુધી તેના ટેસ્ટ કરિયરમાં ૨૯ સદી ફટકારી છે

। (એજન્સી) બે ઓવલ, તા.૫ ।

સાઉથ આફ્રિકા સામે બે ઓવલ ખાતે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટના પહેલા જ દિવસે કેન વિલિયમસને સદી ફટકારી હતી. આ સદી સાથે તેણે ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીને પાછળ છોડી દીધો છે. મેચના અંત સુધીમાં, વિલિયમસન ૧૧૨ રન બનાવી અણનમ રહ્યો હતો. આ સદી સાથે વિલિયમસને માત્ર વિરાટ કોહલી જ નહીં પરંતુ ઓસ્ટ્રેલિયાના પૂર્વ દિગ્ગજ બેટ્સમેન સર ડોન બ્રેડમેનને પણ પાછળ છોડી દીધો છે. કેન વિલિયમસને સાઉથ આફ્રિકા સામે તેના ટેસ્ટ કરિયરની ૩૦મી સદી ફટકારી હતી. જ્યારે વિરાટ કોહલીએ અત્યાર સુધી તેના ટેસ્ટ કરિયરમાં ૨૯ સદી ફટકારી છે. આ ઉપરાંત પૂર્વ ઓસ્ટ્રેલિયન દિગ્ગજ બેટ્સમેન સર ડોન બ્રેડમેને પણ



તેમના કરિયરમાં ૨૯ સદી ફટકારી હતી. આ સદી સાથે વિલિયમસને શિવનારાયણ ચંદ્રપોલ, મેથ્યુ હેડન અને જો રૂટની બરાબરી કરી લીધી છે. વિલિયમસન ટેસ્ટની સૌથી ઓછી ઈનિંગ્સમાં ૩૦ સદી ફટકારનાર ચોથો બેટ્સમેન બની ગયો છે. આ મામલે તેણે ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગને પાછળ છોડી દીધો છે. પોન્ટિંગે તેની ૧૭૦મી ટેસ્ટ ઈનિંગ્સમાં તેની ૩૦મી સદી ફટકારી હતી. જ્યારે વિલિયમસને તેની ૧૬૯મી ટેસ્ટ ઈનિંગ્સમાં તેની ૩૦મી સદી ફટકારી હતી.

પૂર્વ ભારતીય બેટ્સમેન સચિન તેંડુલકર આ યાદીમાં ટોચ પર છે. સચિને ૧૫૯ ઈનિંગ્સમાં તેની ૩૦મી ટેસ્ટ સદી ફટકારી હતી.

### પ્રવાસી ટીમની ઈનિંગ્સ ૨૯૨ રનમાં સમેટાઈ

# ભારતીય બોલર્સ સામે ઈંગ્લેન્ડના બેટર્સ વામણાં, બીજી ટેસ્ટ ૧૦૬ રનથી હાર્યા

### બુમરાહની મેચમાં નવ વિકેટ, રવિચંદ્રન અશ્વિનની બીજી ઈનિંગ્સમાં ત્રણ વિકેટ, પાંચ મેચની શ્રેણી ૧-૧થી બરોબર

। (એજન્સી) વિશાખાપટ્ટનમ, તા.૫ ।

ભારતે વિશાખાપટનમમાં રમાયેલી બીજી ટેસ્ટમાં ઈંગ્લેન્ડને ૧૦૬ રનથી હરાવી દીધું છે. આ જીત સાથે જ ભારતે સીરિઝમાં ૧-૧ની બરાબરી કરી લીધી છે. ભારતને મુકાબલો જીતવામાં જસપ્રીત બુમરાહ, યશસ્વી જાયસવાલ, શુભમન ગિલ અને રવિચંદ્રન અશ્વિનનું મહત્ત્વનું યોગદાન રહ્યું. જાયસવાલે પહેલી ઈનિંગમાં ૨૦૯ રન બનાવ્યા. જ્યારે બુમરાહે મેચમાં કુલ ૯ વિકેટ લીધી. ત્યારે મુકાબલો ચોથા દિવસે જ ખતમ થઈ ગયો. મેચમાં ૩૯૯ રનોના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડ ટીમ ૨૯૨ રન પર જ સમેટાઈ ગઈ. આ દરમિયાન ટીમ માટે જેક ક્રોલીએ સૌથી મોટી ૭૩ રનોની ઈનિંગ રમી, જેમાં ૮ ચોગ્ગા અને ૧ છગ્ગો સામેલ રહ્યો. આ સિવાય કોઈ પણ ઈંગ્લિશ બેટર મોટી ઈનિંગ ન રમી શક્યો, જેને લઈને તેમણે મુકાબલામાં હારનો સામનો કરવો પડ્યો. ભારતે મેચમાં ટોસ



જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને ૫ હેલી ઈનિંગમાં ૩૯૬ રન બોર્ડ પર લગાવ્યા. ટીમ માટે આ દરમિયાન યશસ્વી જાયસવાલે સૌથી મોટી ૨૦૯ રનોની ઈનિંગ રમી, જેમાં ૧૯ ચોગ્ગા અને ૭ છગ્ગા સામેલ રહ્યા. જોકે, આ સિવાય પણ ભારતીય બેટર મોટી ઈનિંગ ન રમી શક્યા. આ દરમિયાન પહેલી ઈનિંગમાં બેટિંગ કરવા ઉતરેલી ઈંગ્લેન્ડ ૨૫૩ રનો પર જ સમેટાઈ ગઈ. ત્યારબાદ ઈન્ડિયાએ બીજી ઈનિંગમાં ૨૫૫ રન બોર્ડ પર લગાવીને ઈંગ્લિશ ટીમને ૩૯૯ રનનો ટાર્ગેટ આપ્યો, જે તેઓ હાંસલ ન કરી શક્યા.

### ઝારખંડના ધારાસભ્યો નીકળ્યા અને બિહારના ધારાસભ્યો પહોંચ્યા

# વિપક્ષની રાજનીતિનું સેન્ટર બન્યું હૈદરાબાદ

### ઝારખંડમાં સત્તાધારી ઝામુમોની આગેવાનીવાળા ગઠબંધનના ધારાસભ્યો વિધાનસભામાં વિશ્વાસમતના એક દિવસ પહેલા રવિવારે રાંચિ માટે રવાના થઈ ગયા

। (એજન્સી) હૈદરાબાદ, તા.૫ ।

એક તરફ ઝારખંડમાં સત્તાધારી ગઠબંધનના ધારાસભ્યોની હૈદરાબાદથી વાપસી થઈ ગઈ છે, તો વળી બીજી તરફ બિહાર કોંગ્રેસ ધારાસભ્ય ૧૨ ફેબ્રુઆરીએ વિશ્વાસ મત પહેલા હૈદરાબાદ પહોંચી ગયા છે. બિહારના કેટલાય કોંગ્રેસ ધારાસભ્ય કથિત રીતે તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીને શુભકામના આપવા માટે રવિવારે અહીં પહોંચ્યા છે. રેડ્ડીએ ડિસેમ્બર ૨૦૨૩માં થયેલી રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની જીત બાદ મુખ્યમંત્રીનો પદભાર સંભાળ્યો હતો. મીડિયામાં આવેલા સમાચારોમાં દાવો કર્યો છે કે કોંગ્રેસે ધારાસભ્યોને ખરીદવાની કોશિશોને રોકવા માટે સાવધાનીના ભાગરુપે



પગલા ઉઠાવ્યા, જેના માટે તેઓ ત્યાં પહોંચ્યા છે. અહીં ઉલ્લેખનિય છે કે, આ અગાઉ બિહારમાં મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વવાળી નવગઠિત રાષ્ટ્રિય જનતાંત્રિક ગઠબંધન સરકાર ૧૨ ફેબ્રુઆરીએ વિશ્વાસ મત પ્રાપ્ત કરવા માગે છે. કહેવાય છે કે બિહાર કોંગ્રેસના ધારાસભ્યોને કાગજઘાટ ગામમાં રિસોર્ટમાં લઈ ગયા છે. બિહારથી કુલ ૨૨ લોકો હૈદરાબાદ પહોંચ્યા છે, જેમાં ૧૬ ધારાસભ્યો છે. તેમના માટે રિસોર્ટમાં ૨૪ રુમ બુક કર્યા છે. તો વળી તેલંગણા કોંગ્રેસના સૂત્રોએ મીડિયાને જણાવ્યું કે, બિહારના કોંગ્રેસ ધારાસભ્ય તેલંગાણાના મુખ્યમંત્રીને શુભકામના આપવા આવ્યા છે.સૂત્રોએ જણાવ્યું કે, ધારાસભ્યો ૧૧ ફેબ્રુઆરી સુધી હૈદરાબાદમાં રહે તેવી શક્યતા છે. તો વળી બીજી તરફ ઝારખંડના સત્તાધારી ગઠબંધનના ધારાસભ્યો હૈદરાબાદથી રાંચી પહોંચી ગયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઝારખંડમાં સત્તાધારી ઝામુમોની આગેવાનીવાળા ગઠબંધનના ધારાસભ્યો વિધાનસભામાં વિશ્વાસમતના એક દિવસ પહેલા રવિવારે રાંચિ માટે રવાના થઈ ગયા.

### ૮૧ સભ્યોની વિધાનસભામાં ૪૩ ધારાસભ્યોનું સમર્થન

આ ધારાસભ્યો છેલ્લા ત્રણ દિવસથી ત્યાં એક રિસોર્ટમાં રોકાયા હતા. રાંચીથી લગભગ ૪૦ ધારાસભ્યો બે ફેબ્રુઆરીએ બે ફ્લાઈટથી હૈદરાબાદ પહોંચ્યા હતા. કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યું છે કે, ઝારખંડના ધારાસભ્યોને હૈદરાબાદના શમશાબાદના આરજીઆઈ એરપોર્ટથી રાંચિ માટે ફ્લાઈટમાં બેઠા હતા. છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન ધારાસભ્યોને શહેરના બહારી વિસ્તાર શમીરપેટમાં એક રિસોર્ટમાં રોક્યા હતા. ઝારખંડમાં સત્તાધારી ગઠબંધનના એક વરિષ્ઠ નેતાએ પૂર્વે કહ્યું હતું કે, ધારાસભ્યોને કોંગ્રેસ શાસિત તેંલગાણાની રાજધાની હૈદરાબાદમાં મોકલવાનો નિર્ણય એ ધ્યાનમાં રાખીને કર્યો હતો વિપક્ષી પાર્ટી ભાજપ લે-વેચ કરી શકે છે. ઝારખંડ નેતાએ કહ્યું કે અમે બહુમત સાબિત કરવા માટે ૧૦ દિવસનો સમય આપ્યો હતો. અમે આ સમય દરમ્યાન કોઈ જોખમ લેવા નથી માગતા. કારણ કે ભાજપ અમારા ધારાસભ્યોના સંપર્ક કરવાની કોશિશ કરી શકે છે. ઝારખંડ મુક્તિ મોર્ચાના નેતૃત્વવાળા ગઠબંધને ગુરુવારે એક વીડિયો જાહેર કરીને ૮૧ સભ્યોની વિધાનસભામાં ૪૩ ધારાસભ્યોનું સમર્થન બતાવ્યું છે. પાર્ટીની અંદરના અસંતોષને દૂર કરવા માટે શિબૂ સોરેને ધારાસભ્ય લોબિન હેંબ્રમ સાથે મુલાકાત કરી હતી. ત્યાર બાદ તેમણે ફ્લોર ટેસ્ટમાં પાર્ટીને સમર્થન આપવાની વાત કહી છે.



નવી દિલ્હી સંસદમાં ધાર્મિક નેતાઓના પ્રતિનિધિમંડળએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી.

# બાળકની કસ્ટડી આપતા રોકી શકાય નહીં : હાઈકોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હી હાઈકોર્ટે એક કેસમાં પોતાનો ચુકાદો આપ્યો છે. દિલ્હી હાઈકોર્ટે એક કેસની સુનાવણી દરમિયાન કહ્યું હતું કે, 'વ્યભિચારી જીવનસાથી અસમર્થ માતા-પિતા સમાન નથી અને કોઈ વ્યક્તિનું લગ્નેત્તર સંબંધો તેને બાળકની કસ્ટડીથી વંચિત રાખવાનો નિર્ણય લેવાનો એકમાત્ર આધાર હોઈ શકે નહીં. હાઈકોર્ટે કહ્યું હતું કે છૂટાછેડાની કાર્યવાહી અને બાળ કસ્ટડીના કેસ એકબીજા સાથે જોડાયેલા હોઈ શકે છે, પરંતુ તેઓ હંમેશા 'પરસ્પર અસંબંધિત' હોય છે. જસ્ટિસ સુરેશ કુમાર કૈત અને જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાની ખંડપીઠે કહ્યું કે જો માતા-પિતામાંથી કોઈ એકના લગ્નેતર સંબંધો હોવાનું સાબિત થાય તો પણ તેને બાળકોની કસ્ટડીથી વંચિત રાખી શકાય નહીં સિવાય કે તે સાબિત કરવા માટે કેટલાક પુરાવા હોય. બની શકે કે આવા વ્યભિચારી કૃત્યથી બાળકના ભવિષ્ય પર અસર પડી હોય. હાઈકોર્ટ એક પુરુષ અને તેની પત્ની દ્વારા તેમની ૧૨ અને ૧૦ વર્ષની વયની બે સગીર પુત્રીઓની સંયુક્ત કસ્ટડી આપવાના ફેમિલી કોર્ટના આદેશ સામે કરવામાં આવેલી અપીલની સુનાવણી કરી રહી હતી. મહિલાએ આરોપ લગાવ્યો કે તેનો પતિ બેદરકાર અને બેજવાબદાર છે અને તેને અને તેના બે બાળકોને લગભગ અઢી વર્ષથી છોડીને કોઈ આશ્રમ કે અજાણ્યા સ્થળે ચાલ્યો ગયો હતો. વ્યક્તિએ દાવો કર્યો હતો કે પત્ની દ્વારા બાળકોની કસ્ટડી માટે દાખલ કરવામાં આવેલી અરજી ક્રૂરતા અને વ્યભિચારના આધારે તેણી દ્વારા દાખલ કરવામાં આવેલી છૂટાછેડાની અરજીના જવાબમાં હતી.

# મની લોન્ડરિંગના આરોપોને Paytmએ ફગાવી દીધા

### બેન્કમાં ઘણા નિષ્ક્રિય અને KYC વગરના એકાઉન્ટ્સ પણ મળી આવ્યા છે, આ અંગે મની લોન્ડરિંગની શંકા વ્યક્ત કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

**Paytm** પેમેન્ટ્સ બેંક સામે ભારતીય રિઝર્વ બેંકની કાર્યવાહી બાદ **Paytm** મુશ્કેલીમાં છે. સૂત્રોને ટાંકીને એવો દાવો કરવામાં આવ્યો હતો કે બેંકમાં ઘણા નિષ્ક્રિય અને **KYC** વગરના એકાઉન્ટ્સ પણ મળી આવ્યા છે. આ અંગે મની લોન્ડરિંગની શંકા વ્યક્ત કરવામાં આવી હતી. એવી આશંકા છે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ આ મામલે તપાસ કરી શકે છે. પરંતુ, **Paytm**એ રવિવારે આવા તમામ અહેવાલોને નકારી કાઢ્યા અને કહ્યું કે આ આરોપોમાં કોઈ સત્ય નથી. **Paytm**ની પેરેન્ટ કંપની **One97 Communications**એ સ્પષ્ટતા કરી છે કે આ તમામ મીડિયા રિપોર્ટ્સ ખોટી માહિતી પર આધારિત છે. આમાં આપવામાં આવેલી માહિતી સાચી નથી. આ અહેવાલો માત્ર અટકળો પર આધારિત છે. વન૯૭ કોમ્યુનિકેશન એ સ્પષ્ટ કરવા માંગે છે કે પેટીએમ અથવા પેટીએમ પેમેન્ટ્સ બેંક સામે આવી કોઈ અફવાઓ પર ધ્યાન આપવું જોઈએ નહીં. કંપનીએ તેના સત્તાવાર નિવેદનમાં કહ્યું કે અમે પારદર્શિતામાં વિશ્વાસ કરીએ છીએ. અમે અમારી પ્રતિષ્ઠા, ગ્રાહકો, શેરધારકોને આવા ભ્રામક સમાચારોથી બચાવવા માટે તમામ પ્રયાસો કરીશું. અમે ભવિષ્યમાં પણ આવી સ્પષ્ટતાઓ આપતા રહીશું. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા વન ૯૭ કોમ્યુનિકેશન્સ, તેની સહયોગી કંપનીઓ અથવા સ્થાપક અને સીઈઓ વિજય શેખર શર્મા વિરુદ્ધ મની લોન્ડરિંગના કોઈપણ આરોપો પર કોઈ તપાસ કરવામાં આવી રહી નથી.

### નિફ્ટીમાં નબળાઈ, જીયો ફાઈનાન્શિયલમાં ઉછાળો

# સેન્સેક્સમાં ૩૫૪, નિફ્ટીમાં ૮૨ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

### બજાજ ફાઈનાન્સ, સોમવારે ભારતી એરટેલ અને એચડીએફસી લાઈફના શેરમાં પણ નબળાઈ નોંધાઈ

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

શેરબજાર સોમવારે નબળા નોટ પર સમાપ્ત થયું. **BSE** સેન્સેક્સ ૩૫૪ પોઈન્ટની નબળાઈ સાથે ૭૧૭૩૧ના સ્તરે બંધ થયો હતો જ્યારે નિફ્ટી ૮૨ પોઈન્ટના ઘટાડા સાથે ૨૧૭૭૧ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

શેરબજારની કામગીરીમાં નબળાઈ દર્શાવનારા શેરોની વાત કરીએ તો, યુપીએલના શેરમાં ૧૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ અને એચડીએફસીલાઈફના શેરમાં પણ નબળાઈ નોંધાઈ હતી. નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી અને



નિફ્ટી બેંક સહિતના તમામ સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા છે. ટાટા મોટર્સ, કોલ ઈન્ડિયા, બીપીસીએલ અને સન ફાર્માના શેરમાં સારો ઉછાળો નોંધાયો હતો. જો આપણે સોમવારે શેરબજારમાં કામકાજમાં વધારો નોંધાવનાર શેરો વિશે વાત કરીએ, તો સિપ્લા, **ONGC** અને મહિન્દ્રાના શેરોએ પણ મજબૂતી નોંધાવી હતી.

## બેસણું



સ્વ.યોગીનીબેન ધ્રુવકાંતભાઇ ઉપાધ્યાય

અમારા માતાશ્રી યોગીનીબેન ધ્રુવકાંતભાઈ ઉપાધ્યાય
તા.02/02/2024 ના રોજ દેવલોક પામ્યા છે
સદગત બેસણું તા.08/02/2024 ને
ગુરુવારના રોજ બપોરે 11:00 થી 2:00 વાગ્યાં સુધી અમારા નિવાસ સ્થાને
બાવાકુવા પાસે,બ્રાહ્મણવાડા,સંતરામપુર ખાતે રાખેલ છે

લી.
કેતન ધ્રુવકાંત ઉપાધ્યાય
હિતેષ ધ્રુવકાંત ઉપાધ્યાય
ઓમ હિતેશભાઈ ઉપાધ્યાય
અથર્વ કેતનભાઈ ઉપાધ્યાય
તથા ઉપાધ્યાય પરિવાર

9773048386
9428904171

## તંત્રી લેખ...

# ‘ઈન્ટરનેશનલ ટોય ફેર’માં ભારતના પ્રોડક્ટને ખુબ સરાહના મળી

ચીનના રમકડાની ડિમાન્ડ સમગ્ર વિશ્વમાં હોય છે. અમેરિકા, યૂરોપ અને દુનિયાના બાકી ભાગના બજાર ચાઈનીઝ રમકડાથી ભરેલા છે. જર્મનીના ન્યૂરમબર્ગ શહેરમાં ઈન્ટરનેશનલ ટોય ફેર ચાલી રહ્યો છે. જ્યાં ભારતના રમકડાની ધૂમ મચી ગઈ છે. જેના કારણે ચીનને મરચા લાગ્યા છે. ૫ દિવસના આંતરરાષ્ટ્રીય રમકડા મેળામાં ભાગ લેનારા ભારતીય ટોય મેકર્સને કરોડો રૂપિયાના ઓર્ડર મળ્યા છે. ટોય એક્સપોર્ટર્સે આ જાણકારી આપતા કહ્યું કે ભારતીય મેકર્સે મેળામાં હાઈ ક્વોલિટીનું પ્રદર્શન આપ્યું છે. તેનો મતલબ છે કે હવે અમેરિકાથી લઈ યૂરોપ અને આફ્રિકા ભારતીય રમકડાથી રમવા માટે તૈયાર છે. તેમના મુજબ અમેરિકા, બ્રિટેન, દક્ષિણ આફ્રિકા અને જર્મની જેવા દેશના ખરદીદારોએ તેમના ઉત્પાદનોમાં રસ બતાવ્યો અને મોટી સંખ્યામાં ઓર્ડર આપ્યો. ન્યૂરમબર્ગ ઈન્ટરનેશનલ ટોય ફેર ૩ ફેબ્રુઆરીએ પૂર્ણ થયો. દુનિયાના સૌથી મોટા રમકડા મેળામાં સામેલ આ આયોજનમાં ૬૫થી વધારે દેશના ૨૦૦૦થી વધુ લોકો સામેલ થયા. ગ્રેટર નોઈડા સ્થિત લિટિલ જીનિયસ ટોયઝ પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ નરેશ કુમાર ગૌતમે કહ્યું કે અમારી પ્રોડક્ટસને ખુબ સરાહના મળી. ચાઈનીઝ રમકડા પ્રત્યે એક મજબૂત ચીન વિરોધી ભાવના હતી અને ભારતીય રમકડાની સરાહના કરવામાં આવી. તેમને કહ્યું કે બે ચીની કંપનીઓએ રમકડાના ઉત્પાદન માટે ભારતમાં લિટિલ જિનિયસની સાથે જોઈન્ટ વેન્ચર સ્થાપિત કરવામાં રસ બતાવ્યો છે. વાણિજ્ય અને રાજ્ય મંત્રી ઉદ્યોગ સોમ પ્રકાશે રાજ્યસભાને આપેલી જાણકારી મુજબ ટોય ઈન્ડસ્ટ્રી માટે સરકાર દ્વારા બનાવેલા અનુકુળ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમના કારણે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫થી ૨૦૨૨-૨૩ સુધી રમકડાના કુલ ઈમ્પોર્ટમાં ૫૨ ટકાનો ઘટાડો અને રમકડાની નિકાસમાં ૨૩૯ ટકાનો વધારો થયો છે. ‘મેડ ઈન ઈન્ડિયા રમકડા’ને પ્રોત્સાહન આપવા માટે એક સક્રિય અભિયાનની સાથે સાથે ભારતીય મુલ્યો, સંસ્કૃતિ અને ઈતિહાસના આધાર પર રમકડાની ડિઝાઈનિંગને પ્રોત્સાહિત કરવાના ઉપાયો, શીખવાના સાધન તરીકે રમકડાંના ઉપયોગથી ઈચ્છિત પરિણામો મળ્યા છે. ઈમ્પોર્ટ અને એક્સપોર્ટ કેટલુ છે? જે વિશે જણાવીએ તો, સરકાર રમકડાની ક્વોલિટી પર દેખરેખ રાખવા, હલકી ગુણવત્તાવાળા અને અસુરક્ષિત રમકડાંની આયાતને પ્રતિબંધિત કરવા અને સ્વદેશી રમકડાંના કલસ્ટરોને પ્રોત્સાહન આપવા સાથે રમકડાની ડિઝાઈન અને ઉત્પાદન માટે હેકાથોન અને પડકારોનું પણ આયોજન કરી રહી છે. આ કેમ્પેઈનથી ટોય ઈન્ડસ્ટ્રીમાં મોટો ગ્રોથ જોવા મળ્યો છે.

## મહીસાગર જિલ્લાની બે દીકરીઓએ સ્પેશિયલ ઓલિમ્પિક્સ ફ્લોરબોલની રમતમાં રાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યો

**જિલ્લા કલેક્ટર શ્રીમતી નેહાકુમારીએ બંને દીકરીઓને અભિનંદન પાઠવી આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉજ્જવલ દેખાવ માટે શુભેચ્છાઓ પાઠવી**



। (માહિતી) મહીસાગર ।

નવી દિલ્હી ખાતે તાજેતરમાં યોજાયેલ સ્પેશિયલ ઓલિમ્પિક્સની ફ્લોર બોલની રમતમાં ગુજરાતની ટીમની સાત મનોદિવ્યાંગ દીકરીઓએ ગોલ્ડ મેડલ મેળવી સમગ્ર દેશમાં ગૌરવશાળી સ્થાન પ્રાપ્ત કર્યું છે આ સિદ્ધિમાં મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના વડાગામ ક્લસ્ટરની બે દીકરીઓના ઉજ્જવલ પ્રદર્શનનો સમાવેશ હોવાથી રાષ્ટ્રીય કક્ષાએ જિલ્લાનું નામ રોશન કરવા બદલ શુભેચ્છાઓની વર્ષા થઇ રહી છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા સ્પેશ્યલ ઓલિમ્પિક્સ દ્વારા માનસિક-ક્ષતિ ધરાવતા બાળકો કે વ્યક્તિઓને વિવિધ રમતોની તાલીમ આપીને જુદી-જુદી હરિફાઈ માટે તૈયાર કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા રમતવીરોને તેમની શારીરિક ક્ષમતા વધારવાની તકો મળે તેમજ તેમની હિંમતનું પ્રદર્શન કરી શકે અને રમતના આનંદનો અનુભવ કરી શકે સાથે સાથે તેમની અંદર રહેલી ક્ષમતાઓ, આવડતોની આપ-લે બીજા રમતવીર સાથે કરી શકે અને તેમને સમાજ સાથે એકરૂપ થવાની સમાન તકો પ્રાપ્ત થાય તેવા ઉમદા પ્રયત્નો કરવામાં આવે છે. સ્પેશિયલ ઓલિમ્પિક્સ દ્વારા ન્યુ દિલ્હી ખાતે ફલોરબોલ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહીસાગર જિલ્લાની બે એથલીટની પસંદગી થઈ હતી. ફ્લોર બોલની રમતમાં ભારતના ચૌદ રાજ્યોની ૯૮ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમાં ગુજરાત રાજ્યની ફ્લોર બોલની ટીમની સાત દિકરીઓએ ગોલ્ડ મેડલ જીતીને સમગ્ર દેશમાં નામ રોશન કર્યું છે. આ ટીમમાં મહીસાગર જિલ્લાની વડાગામ ક્લસ્ટરની બે એથલીટ વિરણીયા (ગાંગટા) ગામની સુમિત્રાબેન છગનભાઇ ખાંટ અને વડાગામની દિકરી શર્મિષ્ઠાબેન નરેશભાઈ પગીનો સમાવેશ થાય છે. જિલ્લા સેવા સદન ખાતે કલેકટર શ્રીમતી નેહાકુમારીએ સિદ્ધિ પ્રાપ્ત કરનાર આ બંને દીકરીઓ સુમિત્રાબેન ખાંટ અને શર્મિષ્ઠાબેન પગીની હિંમત અને ક્ષમતાને બિરદાવી હતી તેમના કોચ રમેશકુમાર દિનેશચંદ્ર સોલંકી, ગ્રોથ એન્ડ ડેવલોપમેન્ટ મેનેજર બાબુભાઈ પરમાર સહીત સમગ્ર ટીમને ગુજરાત રાજ્ય અને મહીસાગર જિલ્લાનું નામ રોશન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને મોં મીઠું કરાવ્યું હતું તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ આગામી વર્ષ ૨૦૨૫માં ઈટલી ખાતે યોજાનાર સ્પેશીયલ ઓલિમ્પિક્સમાં તક મેળવી ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર મહીસાગર જિલ્લા વહીવટીતંત્ર સહીત જિલ્લા શિક્ષણાધિકારી નેલેશકુમાર મુનીયા,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો. અવનીબા મોરી, બીઆરસી કો.ઓ. રૂપેશ ઉપાધ્યાય, જિલ્લા કો.ઓ. રમણભાઈ, દિવ્યાંગ બાળકોના શિક્ષકોએ આ બંને દીકરીઓ અને તેમના કોચ, મેનેજરને અભિનંદન સાથે પ્રગતિમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

# જાગૃત માનવીની શક્તિમાં ભવાનીનો, બુદ્ધિમાં ગાયત્રીનો જ્યારે વાણીમાં સરસ્વતીનો નિવાસ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. રામમંદિર તો થયું પણ પ્રત્યેક દેહ દેવળમાં રામને બિરાજમાન કરવા પણ કંઈક કરવું પડશે. આજનો માનવ જાણકારીથી ભરેલું એક આધુનિક યંત્ર હોય, એમ દુનિયાભરની જાણકારી તેની પાસે છે, અને કદાચ કોઈ જાણકારી ન હોય તો એના હાથમાં આ સ્માર્ટફોન રૂપે એક એવું સુંદર રમકડું છે, કે જે ક્ષણવારમાં ર્ફ્રપ્ર્ફ્રી સર્ચ કરીએ એટલે તમામ માહિતી ઉપલબ્ધ થઈ જાય.એટલે એ ખુદ ને જ આદર્શ સમજવા લાગ્યા છે, એનાથી બે ગેરફાયદા થયાં, કે એક તો અહમવાદી માનસ થઈ ગયું, એટલે બીજું કોઈ મહાન દેખાતું જ નથી. જયારે બીજું જાણકારી પરિણામ ન આપી શકે, જાણકારીનો સમયે સમજદારી પૂર્વક અમલ કરવામાં ન આવે તો એ જાણકારી કામની નથી. તો બહુ સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થાય કે શું કરવાથી જાણકારીનો ફાયદો થાય? અને એકમાત્ર જવાબ છે, જાગૃત થવું પડે! તો આજે આપણે જાણકારી અને જાગૃતિ વચ્ચેની સુક્ષ્મ રેખા વિશે ચિંતન કરીશું.

જાણકારી શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો માહિતી એવો થાય. આજના માનવી પાસે પુષ્કળ માહિતી કે જાણકારી છે. દરેકે દરેક ક્ષેત્રમાં તેણે વિકાસને નામે હરણફાળ ભરી છે. દાખલા તરીકે પૃથ્વીના ગોળાનું રહસ્ય મોટેભાગે વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થઈ ગયું છે, તો અંતરિક્ષમાં તરતા ગ્રહ પર પણ ક્યાં પાણી છે, અને ત્યાં વાસ કે વસવાટ થઈ શકે તેમ છે, તેની પણ જાણકારી છે. પર્યાવરણમાં કેટલું પ્રદૂષણ પહેલા હતું, અને અત્યારે કેટલું થયું છે, તેની આંકડાકીય માહિતી પણ છે, અને હજી જો સુધારશું નહીં તો, આવતીકાલે આનાથી પણ વિકટ પરિસ્થિતિ આવશે, એ જાણકારી પણ આપણી પાસે છે. પંચ પ્રાકૃતિક તત્વનો ઉપયોગ કરીને શું ફાયદા લઈ શકાય છે, એની જાણકારી પણ છે. સમાજમાં થતા આટલે અંશે અનીતિ, અને ચોરી, હિંસા, લૂંટ, બલાત્કાર જેવી ઘટતી ઘટનાઓનું કારણ શું છે, એની જાણકારી પણ છે. પહેલા કરતા પ્રમાણમાં શિક્ષણ નું મૂલ્ય સમજીને, વધુને વધુ શિક્ષિત થવું જોઈએ એ જાણકારી પણ છે. ન્યુટ્રીશનની રીતે પણ કયો ખોરાક લેવાથી કેટલા ફાયદા થાય છે, અને કેટલા ગેર ફાયદા થાય છે, એની પણ વિસ્તૃત જાણકારી છે. સંબંધોમાં મધુરતા જળવાઈ રહે, એની માટે કોણે કેટલું અને ક્યારે ત્યાગ કે સમર્પણ કરવું, એની પણ જાણકારી છે. ટૂંકમાં કહીએ તો આ સમય સુવર્ણ કાળ સાબિત થઈ શકે તેમ છે. કારણ કે દરેકે દરેક જણ જાણે છે કે, તેને કેવું જીવન જીવવું જોઈએ. છતાં પરિસ્થિતિ દિવસેને દિવસે વિકટ થતી જાય છે, એ સત્ય પણ સ્વીકારવું રહ્યું. પૃથ્વીનાં ગોળા પર ક્યાંય હવે એવી જગ્યા નથી જ્યાં માનવ વસવાટ નથી, અને માત્રા ભેદે દરેકે દરેક જણમાં પાયાની સમજ એટલે કે, પાયાની જાણકારી તો છે જ. છતાં સમાજમાં પહેલા કરતા અત્યારે અરાજકતા વધુ દેખાય છે. કાળ કહો કે યુગ કહો, ગમે તે હોય તેનું સામાજિક દર્શન કરતા દેખાય છે કે ત્રૂટી તો ત્યારે પણ હતી. પરંતુ ત્યારે છુટા છવાયા ઘર કે વ્યક્તિઓની આવી માનસિકતા હતી, જ્યારે હવે છૂટાછવાયા ઘર કે અમુક વ્યક્તિઓની જ સારી માનસિકતા છે. બસ આટલો ફેરફાર થઈ ગયો છે, અને એને કારણે આ પરિસ્થિતિ દિવસેને દિવસે વિકટ થતી જાય છે. આઝાદીનો એ કાળ યાદ કરીએ તો એ સમયના લોકો એ ગાંધીજી, સરદાર પટેલ,અને એવાં બીજાં ચરિત્રો ત્યારના સમાજના આદર્શ બન્યા હતાં, અને એને પરિણામે આપણને આજે આઝાદી પ્રાપ્ત થઈ. એટલે કે રાજા અને પ્રજા વચ્ચે એક સમય સેતુ હોય, પ્રજા રાજાનાં આદર્શ મૂલ્યોનું જીવનમાં સ્થાપન કરી, અને એ મુજબ જીવતી, જ્યારે આજે જાણકારીને નામે બધું જ મેળવી લીધું હોવા છતાં, ખુદને આદર્શ બનાવી લેવાથી પરિસ્થિતિ વણસતી જાય છે.

જાગૃતિ શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો જાગવું એવો થાય. અને કદાચ આ સમયે જાગીશું નહીં, તો આવતીકાલે આપણે અહીં નહીં હોઈએ, એ વાત પણ એટલી જ સાચી છે. સૂર્યનો ઉદય થાય અને પ્રકૃતિ પોતાના નિત્ય કર્મ તરફ આપણને કાર્ય કરવા પ્રેરે, એટલે બહુ સ્વાભાવિક રીતે જ સ્થૂળ શરીર જાગે અને અન્ય કાર્યમાં કાર્યરત થાય, એટલે કે દસે દસ ઈંદ્રિયો પોતાનું કાર્ય શરૂ કરે, પરંતુ ૧૧મી ઈન્દ્રિય તરીકે આપણે જેને સ્વીકાર્યું છે, એ મન કે ચિત્તની જાગૃતિ ન હોય, તો કાર્ય બરાબર થતું નથી.એટલે જાગૃત માનવીએ પોતે શું કરવું જોઈએ! અને શું ન કરવું જોઈએ! એ વાત બરાબર યાદ રાખે છે, અને એ મુજબ જીવન જીવે છે. સમયે સમયે ચેતી જઈ અને બને તેટલો પ્રમાણિક રહેવા પણ પ્રયત્ન કરે છે. આહાર એ જીવન ટકાવી રાખવા માટે ખૂબ જ જરૂરી છે, પરંતુ સ્વાદને નામે કે પછી પૌષ્ટિકતાના નામે પણ અતિનો અતિરેક ટાળે એ જાગૃત, એવી જ રીતે એકોએક ક્રિયામાં જાગૃત થઈએ તો સમયની મારામારી પણ ઘટી જાય, વ્યર્થ બોલવું અને વ્યર્થનું વિચારવું એ પણ એક રોગ છે. જાગૃતિ તો ત્યાં સુધી લઈ જાય કે, કોઈનું દિલ દુભાય એવું કંઈ કર્યું હોય તો એ પણ હિંસા છે. રાતના ઘનઘોર અંધારામાં દીવા કે અન્ય કોઈ પ્રકાશ વગર જે આગળ યાત્રા કરી શકે, તો સમજવું કે તે જાગૃત છે. કારણકે જાગૃતિ એ એક મશાલનું કાર્ય કરે છે, અને હરક્ષણ આપણા માર્ગ પર અજવાળું પાથરે છે, એટલે ક્યાંય અવરોધ આવે અને તો પગે ઠેસ ન લાગે. જાગૃત માનવ બુદ્ધિના તર્ક અને દલીલોથી ઉપર ઊઠી જાય છે, તે પોતાની જાતને અહીં સિદ્ધ નહીં પણ શુદ્ધ રાખવા પ્રયત્ન કરે છે. સૌથી મહત્વની અને અગત્યની વાત કે જાગૃત વ્યક્તિ આચરણ પર વધુ મહત્વ આપતો દેખાય છે, અને પોતાના અનુભવ કે પોતાનું જ્ઞાન બીજા પર રોપવાની પણ બિલકુલ કોશિશ કરતો નથી. ટૂંકમાં કહીએ તો યોગના કેટલા ફાયદા છે, એની જાણકારી પણ મેળવી લીધી. આયુર્વેદના કેટલા ફાયદા છે, એની જાણકારી પણ મેળવી લીધી. વૈદિક શાસ્ત્રોના સાર પણ જાણી લીધા, અને જન્મ-મૃત્યુના ભેદ પણ જોઈ લીધાં, અને સ્વજનના મૃત્યુને તાંડવ નૃત્ય કરતા પણ જોઈ લીધું. એ ઘડી આવે છે, ત્યારે કોઈ કંઈ જ કરી શકતું નથી, એ જાણકારી પણ મેળવી લીધી. પરંતુ જાગવાના સમયે જાગ્યા નહીં, એનું આ પરિણામ ભોગવી રહ્યા છીએ, એવું કોઈ વિચારતું નથી, પણ બહું થયું ચાલો એક ચેતવણી આપણે પણ આપણી જાતને આપીએ, કે ના હવે તો હું જાગૃત થઈને જ રહીશ. કારણ કે જાગૃતિના ત્રણ મોટા ફાયદા છે, જાગૃત માનવીની શક્તિમાં ભવાનીનો વાસ છે, બુદ્ધિમાં ગાયત્રીનો નિવાસ છે, જ્યારે વાણીમાં સરસ્વતીનો વાસ રહેલો છે, એવું એક વાક્ય મેં ગઈકાલે મારી જ વાર્તા માં લખેલું વાંચ્યું,આ વાર્તા લખી ત્યારે રામ અયોધ્યામાં આવ્યાં નહોતાં, હવે તો એ મસાલ જીવન અંધકારમાં ન જાય એ માટે થઈને સતત જાગતાં રાખશે, એવું દરેકે દરેક જણ વિચારી અને જાગૃતિની મસાલ કે જાગૃતિનો દીપક પ્રગટાવી જીવન જીવવાનો સંકલ્પ કરે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહન અને જય સીયારામ.

# જીવનનો ઉદ્ધાર જીવ પોતે ન કરે, તો તેનો ઉદ્ધાર બીજું કોણ કરવાનું હતું? મનુષ્યનો પોતાના સિવાય બીજો કોણ મોટો હિત કારી હોઈ શકે?

**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા





ભાગવતના શ્રવણથી, દર્શનથી, પૂજનથી પાપનો નાશ થાય છે. શ્રીમદ્ ભાગવતના શ્રવણ માત્રથી સદગતિ મળે છે. દૃષ્ટાંત વગર સિદ્ધાંત મનમાં ઠસતો નથી તેથી આત્મદેવ બ્રાહ્મણનું દૃષ્ટાંત કહી કથા શ્રવણનો મહિમા સમજાવે છે. તુંગભદ્રા નદીના કિનારે એક ગામ હતું. ત્યાં આત્મદેવ નામનો એક બ્રાહ્મણ પોતાની પત્ની ધુંધલી સાથે રહેતો હતો. આત્મદેવ પવિત્ર હતો પણ આ ધુંધલી સ્વભાવની ક્રૂર, પારકી પંચાત કરવાવાળી અને ઝઘડાળુ સ્ત્રી હતી. આત્મદેવ નિઃસંતાન હતો. સંતતિના અભાવે તે દુઃખી હતો.તેથી તેણે આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો. તે માટે તે વનમાં નદીકિનારે આવ્યો. ત્યાં તેને એક મહાત્મા મળ્યા. આત્મદેવ મહાત્મા પાસે દુઃખ રડવા લાગ્યો કે, ખાવાનું ઘણું છે પણ ખાનાર કોઈ નથી, એટલે દુઃખી છું. તેથી આત્મહત્યા કરવા અહીં આવ્યો છું. મહાત્માએ કહ્યુંઃ ‘તારે પુત્ર નથી. એમાં ભગવાનની કૃપા છે. છોકરો ન થાય તોસમજવું કે ઠાકોરજીએ મારા હાથે જ બધું ધન વાપરવાનું મારા નસીબમાં લખ્યું છે, એટલા માટે મને પુત્ર આપ્યો નથી. તેથી ઈશ્વર જે સ્થિતિમાં રાખે તેમાં આનંદ માનવો.’

એક વખત એકનાથ મહારાજ વિઠ્ઠલનાથજીનાં મંદિરમાં દર્શન કરવા ગયા. એકનાથજીને લાયક પત્ની મળી હતી તેથી તેઓ ભગવાનનો ઉપકાર માને છે. એકનાથ મહારાજ કહે છે કે,મને સ્ત્રી સંગ નહીં પણ સત્સંગ મળ્યો છે. તમે અનુકૂળ પત્ની આપી છે, તેથી હું તમારું ભજન કરું છું. થોડીવાર પછી ત્યાં તુકારામ મહારાજ દર્શન કરવા આવ્યા. તુકારામની પત્ની કર્કશા હતી છતાં તુકારામ મહારાજ આ સ્ત્રી આપવા બદલ ભગવાનનો ઉપકાર માને છે. કહે છે કે,તમે પ્રતિકૂળ પત્ની આપી છે એટલે તમારું ભજન કરું છું. સારી પત્ની મળી હોત તો હું તેની પાછળ પડત, તમને ભૂલી જાત. એકનાથજીને અનુકૂળ પત્ની મળી છે તેથી આનંદ છે અને તુકારામને પ્રતિકૂળ પત્ની મળી છે તેથી આનંદ છે. નરસિંહ મહેતાના કુટુંબનો નાશ થયો છતાં મહેતાએ તેમાં આનંદ માન્યો અને ગાયું, ‘ભલું થયું ભાંગી જંજાળ,સુખે ભજીશું શ્રી ગોપાળ.

એકની પત્ની અનુકૂળ, બીજાની પત્ની પ્રતિકૂળ,ત્રીજાની પત્નીનું મરણ તો પણ આ ત્રણે મહાત્મા ઓ આનંદ માને છે. વૈષ્ણવ તેનું નામ જે પ્રત્યેક પરિસ્થિતિમાં પરમાત્માની કૃપાનો અનુભવ કરે અને મનને શાંત રાખે.

માતાપિતાને પુત્ર માટે બહુ ચિંતા હોય છે.પણ પુત્રેષ્ણા પાછળ અનેક વાસનાઓ આવે છે. પુત્રેષ્ણા અને પછી વિત્તેષણા અને પછી લોકેષણા જાગે છે.

આત્મદેવે કહ્યું : ‘મહારાજ, મને પુત્ર આપો. પુત્ર વિના પિતાની સદગતિ નથી.’મહાત્મા આત્મદેવ ને સમજાવે છે કે, ભાઈ, પુત્રથી જ સદગતિ થતી નથીકે પુત્રથી ભક્તિ મળતી નથી. પુત્ર જ જો સદગતિ આપી શકતા હોય, તો લગભગ બધાને ત્યાં પુત્ર છે અને તેથી દરેકને સદગતિ મળી જાય. પિતા એવી આશા ન રાખે કે મારો પુત્ર શ્રાદ્ધ કરશે અને હું તરી જઈશ. મારે કાંઈ કરવાનું રહેતું નથી. શ્રાદ્ધ કરવાથી જીવ સારી યોનિમાં જાય એ ખરું, પણ એ જન્મ મરણના ત્રાસમાંથી છૂટતા નથી. શ્રાદ્ધ કરવાની ના નથી. શ્રાદ્ધ કરવાથી પિતૃઓ પ્રસન્ન થઈ આશીર્વાદ આપે છે,પણ શ્રાદ્ધથી ભક્તિ મળતી નથી.

પિંડદાનનો અર્થ કોઈ સમજતા નથી. આ શરીરને પિંડ કહે છે, તેને પરમાત્માને અર્પણ કરવું તેનું નામ પિંડદાન.આ પ્રમાણે જીવન અર્પણ કરે તેનું પિંડદાન સાચું. બાકી માત્ર લોટના પિંડદાનથી ભક્તિ મળતી હોય,તો ઋષિમુનિઓ ધ્યાન,યોગ, જપ, તપ આદિ સાધનો કરે જ શા માટે ? પોતાનું સત્કર્મ જ જીવન મરણના ત્રાસમાંથી માણસને છોડાવે છે, બીજાનું નહીં, જીવ પોતે જ પોતાનો ઉદ્ધાર કરી શકે છે. ગીતામાં ચોખ્ખા શબ્દોમાં કહ્યું છે કે, પોતે જ પોતાનો ઉદ્ધાર કરવો, અને પોતાને અધોગતિમાં લઈ જનાર કાંઈ હોય તો તે પણ પોતે જ છે.

જીવનનો ઉદ્ધાર જીવ પોતે ન કરે, તો તેનો ઉદ્ધાર બીજું કોણ કરવાનું હતું? મનુષ્યનો પોતાના સિવાય બીજો કોણ મોટો હિતકારી હોઈ શકે? જો તે પોતાનું શ્રેય જાતે ન કરી લે, તો પુત્ર વગેરે શું કરવાના હતા? પોતે કરવાનું પોતે ન કરવું અને દીકરા કરશે એમ માનવું એ કેવી વાત?

શ્રુતિ તો કહે છે કે,ઈશ્વરનો અપ રોક્ષ અનુભવ ન થાય, જ્ઞાન ન થાય, ત્યાં સુધી ભક્તિ મળતી નથી.મરતાં પહેલાં જે ભગવાનને ઓળખે છે તેને ભક્તિ મળે છે. પરમાત્માનો અપરોક્ષ સાક્ષાત્કાર કર્યા વગર ભક્તિ મળતી નથી. સાક્ષાત્કારથી જ માણસ મૃત્યુને ઓળંગી જાય છે, જીતી જાય છે. આ સિવાય બીજો કોઈ માર્ગ છે જ નહીં.ભગવાનને જાણ્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી. બાકી કેવળ શ્રાદ્ધ કરવાથી કાંઈ ભક્તિ મળતી નથી. હાં, તમારું પિંડદાન, એટલે કે આ તમારું શરીર પરમાત્માને અર્પણ કરશો તો તમારું કલ્યાણ થશે.

તમારું પિંડદાન તમારે હાથે કરો એ જ ઉત્તમ છે. જે પિંડમાં છે તે બ્રહ્માંડમાં છે. નિશ્ચય કરો કે, આ શરીર-પિંડ પરમાત્માને અર્પણ કરવો છે. તારું પિંડદાન તું તારા હાથે જ કરી નાખ! ઘરમાં જે છે તે બધું વાપરી નાખ અને નારાયણ, નારાયણ કર!મહાત્માનો આવો સુંદર બોધ આત્મદેવને ગમ્યો નહીં. તેણે દુરાગ્રહ કર્યો કે, મને પુત્ર આપો, નહીંતર હું પ્રાણત્યાગ કરીશ. મહાત્માને દયા આવી. તેમણે એક ફળ આપ્યું અને કહ્યું,આ ફળતારી સ્ત્રીને આપજે. તારે ત્યાં લાયક પુત્ર થશે. આત્મદેવ તે ફળ લઈને ઘરે આવ્યો અને ફળ પોતાની પત્નીને આપ્યું. ધુંધલીએ વિચાર કર્યો,ફળ ખાઈશ તો સગર્ભા થઈશ અને દુઃખી થઈશ. ૦કોણ એ પીડામાં પડે! એટલે તેણે પોતાની બહેનને વાત કરી, બહેનને સલાહ આપી કે,મને બાળકથવાનું છે તે હું તને આપી જઈશ. તું માત્ર સગર્ભા હોવાનું નાટક કર! સુખ તો જોઈએ.

ધુંધલીને ફળ તો જોઈએ છે પણ દુઃખ જોઈતું નથી. આ મનુષ્ય સ્વભાવ છે. પણ વિના પ્રયત્ને, વિના દુઃખે, મનુષ્યને પુણ્ય કરવું નથી અને પુણ્યનું ફળ જોઈએ છે, પાપ કરવું છે અને પાપનું ફળ જોઈતું નથી.

ધુંધલીએ તે ફળ ગાયને ખવડાવી દીધું, ને નાટક કર્યું. છેવટે બહેનનો છોકરો લઈ આવી જાહેર કર્યું કે મને પુત્ર થયો છે. ધુંધલીએ પુત્રનું નામ ધુંધુકારી રાખ્યું. આ બાજુ જે ગાયને ફળ ખવડાવેલું તે ગાયને મનુષ્યકારનું ગાય જેવા કાનવાળું બાળક થયું. તેનું નામ ગોકર્ણ રાખવામાં આવ્યું. બાળકો મોટા થયાં. ગોકર્ણ પંડિત અને જ્ઞાની થયો. ધુંધુકારી દુષ્ટ નીકળ્યો.

ભાગવતની કથા ત્રણ પ્રકારે વિચારવાની છેઃ આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક. માનવ કાયા એ તુંગભદ્રા છે. ભદ્રા એટલે કલ્યાણ કરનારી અને તુંગ એટલે વધારે. પુષ્કળ કલ્યાણ કરનારી નદી એ તુંગભદ્રા. તે જ મનુષ્ય શરીર. માનવકાયા દ્વારા મનુષ્ય આત્મદેવ થઈ શકે છે. આત્માનો દેવ બને તે આત્મદેવ. આત્મદેવ તે જીવાત્મા છે. આપણે બધા આત્મદેવ છીએ. નર જ નારા યણ બને. મનુષ્ય શરીરમાં રહેલો જીવ દેવ બની શકે છે અને બીજા ને પણ દેવ બનાવી શકે છે. પશુઓ પોતાના શરીરથી કલ્યાણ કરી શકતાં નથી.મનુષ્ય બુદ્ધિવાળુ પ્રાણી હોવાથી પોતાના શરીરથી પોતાનું તેમજ બીજાઓનું કલ્યાણ કરી શકે છે.

ધૂંવાફુવા કરનારી, કુતર્કો કરનારી, વિના શ્રમે સુખની આશા રાખનારી ધુંધલી તે બુદ્ધિ છે. દરેકના ઘરમાં, દરેકના મનમાં આ ધુંધલી છે. એ પારકી પંચાત કરે છે. પણ હું કોણ છું,મારો ઘણી કોણ છે,એનો વિચાર કરતી નથી. અહીં કથામાં પણ એ તોફાન કરે છે.

બુદ્ધિ સાથે આત્માનું લગ્ન થયું પણ જ્યાં સુધી તેને કોઈ મહાત્મા ન મળે, સત્સંગ ન થાય, ત્યાં સુધી વિવેકરૂપી પુત્રનો જન્મ થતો નથી. વિવેક એ જ આત્માનો પુત્ર. જેના ઘરે વિવેકરૂપી પુત્ર નથી તે સંસાર નદીમાં ડૂબી જાય છે તેથી તો આત્મદેવ ગંગાકિનારે ડૂબી મરવા જાય છે.

દેવ બનવાની અને બીજાને દેવ બનાવવાની શક્તિ આત્મામાં છે, પણ આત્મશક્તિને ભાન કરાવ્યું, ત્યારે તેને પોતાના સ્વરૂપનું ભાન થયું. આત્મશક્તિ સત્સંગથી જાગૃત થાય છે. સત્સંગ વગર જીવનમાં દિવ્યતા આવતી નથી.

## ધર્મેન્દ્રને શબાનાએ કિસ કરી તો તબુએ માર્યો ટોણો

# ધર્મેન્દ્ર સાથેના તેના કિસિંગ સીનથી સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ભારે હલચલ મચી ગઈ હતી



કરણ જોહરની રોકી ઔર રાની કી પ્રેમ કહાનીમાં ધર્મેન્દ્ર અને શબાના આઝમીના ચુંબન દ્રશ્યે જુલાઈ ૨૦૨૩માં ફિલ્મ રિલીઝ થયા પછી ધ્યાન ખેંચ્યું હતું. હવે, ZOOM સાથેના એક ઈન્ટરવ્યુમાં, શબાનાએ કિસિંગ સીન અને અભિનેત્રી તબુએ તેને કેવી રીતે ચીડવ્યા હતા તે વિશે વાત કરી છે. તમને જણાવી દઈએ કે તબ્બુ શબાનાની ભત્રીજી છે અને તેણે તેની ખૂબ મજાક ઉડાવી હતી. શબાનાએ કહ્યું હતું કે તબુ કહે છે કે રોકી અને રાનીની લવસ્ટોરીમાં ધર્મેન્દ્ર સાથેના તેના કિસિંગ સીનથી સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ભારે હલચલ મચી ગઈ હતી. બંને વચ્ચે એક એવો સીન હતો જેણે બધાને ચોંકાવી દીધા હતા અને રિલીઝ થયા બાદ તે મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બની ગયો હતો. ફિલ્મમાં જયા બચ્ચન ધર્મેન્દ્રની પત્ની તરીકે જોવા મળે છે અને તે રોકીના દાદા-દાદીની ભૂમિકામાં છે. શબાના અને અભિનેતા તોતા રોય ચૌધરી અને ચુન્ની ગાંગુલી આલિયાના પરિવાર તરીકે જોવા મળે છે. શબાના આઝમી અને ધર્મેન્દ્ર રોકી અને રાનીની પ્રેમકથામાં ખોવાયેલા પ્રેમીઓની ભૂમિકા ભજવે છે, જેઓ તેમના પૌત્રો-આલિયા ભટ્ટની રાની ચેટર્જી અને રણવીર સિંહની રોકી રંધાવા વચ્ચે સંબંધનાં કારણે વર્ષો પછી એકબીજાનો પ્રેમ પણ મેળવે છે. શબાના આઝમીને પણ આ રોલ માટે એવોર્ડ મળ્યો છે. હવે શબાનાએ ઝૂમ પર આ સીન વિશે ખુલીને વાત કરી. શબાના આઝમીએ કહ્યું, 'તબ્બુ, જે મારી ભત્રીજી છે, તે શેતાન છે. તેણી કહે છે કે તમે ઈન્ડસ્ટ્રીને હલાવી દીધી છે. ફિલ્મમાં જયા બચ્ચન ધર્મેન્દ્રની પત્ની તરીકે જોવા મળે છે હવે તમારી ઉંમરની બધી છોકરીઓ કહે છે કે ફિલ્મમાં KISS હશે તો કરીશું. અને મેં ઈન્ડસ્ટ્રીમાં ભારે હલચલ મચાવી છે. ઝૂમ સાથેના એક ઈન્ટરવ્યુમાં ગયા વર્ષે ચુંબન વિશે વાત કરતી વખતે, શબાના આઝમીએ કહ્યું હતું, 'મેં ક્યારેય વિચાર્યું ન હતું કે તે આટલો હોબાળો મચાવશે! જ્યારે આપણે ચુંબન કરીએ છીએ, ત્યારે લોકો હસે છે અને ઉત્સાહિત થાય છે. શૂટિંગ દરમિયાન આ ક્યારેય કોઈ સમસ્યા ન હતી. એ વાત સાચી છે કે મેં આ પહેલા સ્ક્રીન પર વધુ કિસ કરી નથી. પરંતુ ધર્મેન્દ્ર જેવા સુંદર માણસને કોણ ચુંબન કરવા ન ઈચ્છે? શબાનાએ પતિ-ગીતકાર જાવેદ અખ્તરની ધર્મેન્દ્ર સાથેની ઓનસ્ક્રીન કિસ અંગેની પ્રતિક્રિયા પણ શેર કરી હતી. તેણે કહ્યું, 'ઓહ, તે નારાજ નહોતો.' પણ જે વાત તેને પરેશાન કરતી હતી તે મારું બેફામ વર્તન હતું. હું આખી ફિલ્મ દરમિયાન તાળીઓ પાડી રહી હતી. સીટી વગાડતી રહી. ઉત્સાહ સાથે ને બૂમો પાડતી રહી હતી. તે કહેતો હતો કે 'મારી બાજુમાં બેઠેલી આ મહિલાને હું ઓળખતો નથી.' કારણ કે હું ખૂબ જ ઉત્સાહિત હતી.

## અનુષ્કાની સંપત્તિ ૨૫૦-૩૦૦ કરોડ રૂપિયાની વચ્ચે

# વિરાટ કોહલી કમાણીના મામલે અનુષ્કા કરતા ઘણો આગળ છે

### આ સિવાય વિરાટ કોહલી ઘણી મોટી કંપનીઓના બ્રાન્ડ એમ્બેસેડર પણ છે, જેના કારણે તે ઘણી કમાણી કરે છે

વિરાટ કોહલીની કમાણીની વાત કરીએ તો તેનું નામ વિશ્વના સૌથી અમીર ક્રિકેટરોની યાદીમાં સામેલ છે. ફાઈનાન્શિયલ એક્સપ્રેસના જણાવ્યા અનુસાર, ક્રિકેટરની કુલ સંપત્તિ ૧૦૫૦ કરોડ રૂપિયા છે. તેને BCCI તરફથી વાર્ષિક ૭ કરોડ રૂપિયા મળે છે. આ સિવાય વિરાટ ઘણી મોટી કંપનીઓના બ્રાન્ડ એમ્બેસેડર પણ છે, જેના કારણે તે ઘણી કમાણી કરે છે. DNA અનુસાર, કોહલી એક એડ માટે ૭.૫ કરોડથી ૧૦ કરોડ રૂપિયા લે છે. આટલું જ નહીં, વિરાટ તેની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા ઘણી બધી કમાણી કરે છે. ડીએનએના અહેવાલ મુજબ, વિરાટ તેની એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ માટે લગભગ ૮.૯ કરોડ રૂપિયા ચાર્જ કરે છે. તમને જણાવી દઈએ કે કોહલીનું નામ ઈન્સ્ટાગ્રામ પર સૌથી ફેમસ સેલિબ્રિટીની યાદીમાં સામેલ છે. વિરાટને પણ મોંઘી કારનો શોખ છે. તેની પાસે ઓડી Q7, Audi RS5, Audi R8 LM, Audi A8L જેવી ઘણી મોંઘી કારોનું કલેક્શન છે, જેની કિંમત કરોડોમાં છે. આ સિવાય કોહલી મુંબઈમાં 'વન૮ કમ્યૂન' નામની રેસ્ટોરન્ટ પણ ચલાવે છે. અનુષ્કા શર્માની વાત કરીએ તો ડીએનએના રિપોર્ટ અનુસાર તેની કુલ સંપત્તિ ૨૫૦-૩૦૦ કરોડ રૂપિયાની વચ્ચે છે. અભિનેત્રીની વાર્ષિક કમાણી ૪૫ કરોડ રૂપિયાથી વધુ છે. અનુષ્કા એક ફિલ્મ માટે ૭ કરોડ રૂપિયા સુધી ફી લે છે. ફિલ્મો ઉપરાંત અનુષ્કા બ્રાન્ડ એન્ડોર્સમેન્ટમાંથી પણ સારી એવી કમાણી કરે છે. તે એક એડ માટે ૫-૧૦ કરોડ રૂપિયા ચાર્જ કરે છે. આ રિપોર્ટ અનુસાર, વિરાટ કોહલી કમાણીના મામલે પત્ની અનુષ્કા શર્મા કરતા ઘણો આગળ છે.



## અભિષેક બચ્ચને 'ગુરુ' બનીને સુપરસ્ટારનો દરજ્જો મેળવ્યો હતો

# અભિનેતાએ ૨૩ ફિલ્મો આપી, જેમાંથી ૧૬ ફિલ્મો બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ફ્લોપ રહી હતી

### અભિષેક બચ્ચનના જન્મદિવસ પર, ભાણી નવ્યાએ પણ તેના માટે એક પ્રેમથી ભરેલી પોસ્ટ શેર કરી હતી

અભિષેક બચ્ચન આજે પોતાનો ૪૮મો જન્મદિવસ ઉજવી રહ્યો છે. બી-ટાઉનના શાનદાર સ્ટાર્સમાંના એક તરીકે જાણીતા, બચ્ચને તાજેતરના વર્ષોમાં પોતાની જાતને બહુમુખી અભિનેતા તરીકે સ્થાપિત કરી છે. તેમની તાજેતરની ફિલ્મો જેમ કે દાસવી અને ઘૂમરએ તેમને વિવેચકોની પ્રશંસા મેળવી છે. અભિષેકની બહેન શ્વેતા નંદાએ પણ તેના ભાઈ માટે એક પોસ્ટ શેર કરી છે. શ્વેતાએ પોતાના ભાઈ અભિષેક સાથે બાળપણની તસવીર શેર કરતા લખ્યું - આ ફક્ત તમે જ જાણો છો અને હું આ જાણું છું. મારા નાના ભાઈ માટે આ એક મોટો દિવસ છે - આશા છે કે તમે ગીતનો આનંદ માણો. લવ યુ. અભિષેક બચ્ચનના જન્મદિવસ પર,ભાણી નવ્યા નવેલીએ પણ તેના માટે એક પ્રેમથી ભરેલી પોસ્ટ શેર કરી છે. શેર કરેલી જૂની તસવીરમાં નવ્યા અને તેનો ભાઈ અગસ્ત્ય નંદા મામા અભિષેક સાથે જોવા મળે છે. તસવીર શેર કરતા નવ્યાએ લખ્યું-બધાના ફેવરિટ વ્યક્તિને જન્મદિવસની શુભેચ્છા હેપ્પી. પરંતુ ખાસ કરીને મારા. તેની અભિનય પ્રતિભા ઉપરાંત, અભિષેક બચ્ચન ઘણીવાર એક સંપૂર્ણ પરિવારના માણસ હોવા માટે હેડલાઈન્સ મેળવે છે. જેમ જેમ આપણે તેનો જન્મદિવસ ઉજવીએ છીએ, ચાલો તેના કેટલાક શ્રેષ્ઠ કૌટુંબિક ફોટા જોઈએ જે અભિનેતાના તેના નજીકના લોકો માટેના ઊંડા પ્રેમને પ્રતિબિંબિત કરે છે. ૨૦૧૩નો એક થ્રોબેક ઈન્ટરવ્યુ ફરી આવ્યો કારણ કે આ દિવસે અભિષેક બચ્ચન એક વર્ષ મોટો થઈ રહ્યો છે, જે તેના કામ પ્રત્યે અભિનેતાના નિર્ણાયક વલણને છતી કરે છે. વર્ષો પહેલા, સમાચાર એજન્સી પીટીઆઈ સાથેની નિખાલસ વાતચીતમાં, બચ્ચને પોતાની જાતની ટીકા વ્યક્ત કરતા કહ્યું, ''હું મારા તમામ પ્રદર્શનને ધિક્કારું છું અને આશા રાખું છું કે હું તેમને પસંદ કરવાનું શરૂ નહીં કરું. હું માનું છું કે જે દિવસે તમે તમારું કામ પસંદ કરવાનું શરૂ કરો છો તે દિવસ છે. તમે આત્મસંતુષ્ટ બનો.'' અભિષેક બચ્ચનની પ્રથમ ફિલ્મથી જ ઓડિયન્સને આશા હતી કે તે તેના પિતાની જેમ એકટિંગમાં સારો હશે, પરંતુ દર્શકો નિરાશ થયા અને તેની પ્રથમ ફિલ્મ 'રેફ્યુજી' બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી. જ્યારે પણ કોઈ સ્ટાર કિડ બોલિવૂડમાં ડેબ્યુ કરે છે, ત્યારે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે તેના માતા પિતાની જેમ જ કામ કરશે. ઓડિયન્સ ભૂલી જાય છે કે સ્ટાર સમય સાથે જ પરિપક્વ થાય છે. અહીં આજે બોલિવૂડના આવા જ એક સ્ટાર કિડ અભિષેક બચ્ચન વિશે કરી રહ્યા છીએ, જેમણે એક પછી એક ૧૫ ફ્લોપ ફિલ્મો આપી, પરંતુ એક્ટરે હાર માની નહીં.અમિતાભ બચ્ચન બોલિવૂડમાં મેગાસ્ટાર






તરીકે જાણીતા છે. આવી સ્થિતિમાં જ્યારે તેમના પુત્ર અભિષેક બચ્ચને બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું ત્યારે તેમની સીધી સરખામણી અમિતાભ બચ્ચન સાથે કરવામાં આવી હતી. અભિષેકની પ્રથમ ફિલ્મથી જ દર્શકોને અપેક્ષા હતી કે તે તેના પિતાની જેમ એકટિંગમાં સારો હશે, પરંતુ દર્શકો નિરાશ થયા અને તેની પ્રથમ ફિલ્મ 'રેફ્યુજી' બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી. અભિષેક બચ્ચને વર્ષ ૨૦૦૦માં ફિલ્મ 'રેફ્યુજી'થી પોતાની કરિયરની શરૂઆત કરી હતી. તેની પહેલી જ ફિલ્મ સુપર ફ્લોપ રહી હતી. આ પછી, તેણે આગામી ચાર વર્ષ સુધી માત્ર ફ્લોપ ફિલ્મો જ આપી હતી. આ ફિલ્મોની યાદીમાં 'તેરા જાદુ ચલ ગયા', 'ઢાઈ અક્ષર પ્રેમ કે', 'બસ ઈતના સા ખ્વાબ હૈ' જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. મીડિયાના જણાવ્યા અનુસાર, અભિષેકે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'મારી એક ફિલ્મ જોયા બાદ એક મહિલા સિનેમા હોલમાંથી બહાર આવી અને મને થપ્પડ મારીને કહ્યું કે તમારે એક્ટિંગ છોડી દેવી જોઈએ. તમે તમારા પિતાનું નામ બગાડો છો.અભિષેક બચ્ચને (Abhishek Bachchan) 'ગુરુ' બનીને સુપરસ્ટારનો દરજ્જો મેળવ્યો હતો અને પોતાની ફ્લોપ ફિલ્મોથી ક્યારેય ડર્યો નહોતો. તેણે સતત કામ કરવાનું ચાલુ રાખ્યું કર્યું અને પછી તેની ફિલ્મો હિટ થવા લાગી હતી.

## આ ગીતને લઈને ફેન્સ સુપર એક્સાઈટેડ છે

# મહાદેવ બનીને અક્ષય કુમારે ગાયુ શંભુ ગીત



અક્ષય કુમાર આ દિવસોમાં એની અપકમિંગ ફિલ્મ બડે મિયાં છોટે મિયાંને લઈને ખૂબ ચર્ચામાં છે. એક્ટર સોશિયલ મિડીયામાં સુપર એક્ટિવ છે. હંમેશા ફેન્સને પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફને લઈને શેર કરતા રહેતા હોય છે. આ બધાની વચ્ચે અક્ષય કુમારનો એક નવો મ્યૂઝિક વિડીયો સામે આવ્યો છે જે ભગવાન શિવ બેસ્ડ છે. એક્ટર અક્ષય કુમારે શિવ અવતારની સાથે સોન્ગ શંભુનું મોશન પોસ્ટર શેર કરતા પહેલો લુક શેર કર્યો છે. જો કે આ લુકમાં તમે અક્ષયને ઓળખવામાં થાપ ખાઈ જશો એવો છે. આ લુકમાં અક્ષય કુમાર છવાઈ ગયો છે. આ વખતે અક્ષય કુમાર કોઈ રોમેન્ટિક નહીં, પરંતુ ભક્તિ ભરેલા ગીતમાં નજરે પડવાનો છે. અભિનેતાએ સોશિયલ મિડીયામાં એના અપકમિંગ મ્યુઝિક વિડીયો શંભુનું ટિઝર રિલીઝ કર્યુ છે. અક્ષય કુમારના શંભુ મ્યુઝિક વિડીયોના મોશન પોસ્ટરને બહુ પસંદ કર્યો છે. સોશિયલ મિડીયા પર લોકોએ અક્ષયનો શિવ અવતાર લોકોને ખૂબ પસંદ પડી રહ્યો છે. ફિલ્મ ઓએમજી ૨ પછી ફરી એક વાર ભગવાન શિવના રૂપમાં અક્ષય કુમારની સાથે નજરે પડવાના છે. અક્ષય કુમારનો મહાદેવ લુક અને શંભુનું મોશન પોસ્ટર સોશિયલ મિડીયામાં ધૂમ મચાવી રહ્યો છે. આ ટિઝરમાં એક્ટરનો વિકરાળ તો ક્યારેક ખુશમિજાજ શંભુ અવતારમાં જોવા મળી રહ્યો છે. અક્ષય એના આ લુકથી ફેન્સનું દિલ જીતી રહ્યા છે. લોકોને એમનો આ મ્યૂઝિક વિડીયો રિલીઝ ક્યારે થશે એની લોકો રાહ જોઈ રહ્યા છે. આ વખતે મહાશિવરાત્રિ ૨૦૨૪માં આ ગીત ધૂમ મચાવનાર છે. આ ગીત ૫ ફેબ્રુઆર ૨૦૨૪ના રોજ રિલીઝ થશે. વર્કફ્રન્ટની વાત કરવામાં આવે તો અક્ષય બડે મિયાં છોટે મિયાંની રિલીઝની તૈયારી કરી રહ્યા છે. અક્ષયની પાસે પાઈપલાઈનમાં સ્કાઈ ફોર્સ, સિંઘમ અગેન, વેલકમ ટૂ ધ જંગલ, હેરા ફેરી ૩નો સમાવેશ થાય છે. આમ વાત કરવામાં આવે તો અક્ષય કુમારનો આ વિડીયો ફેન્સને ખૂબ પસંદ પડી રહ્યો છે. અક્ષય કુમાર પોતાની એક્ટિંગથી હંમેશા સામે વાળા લોકોનું દિલ જીતી લે છે. આ ગીતને લઈને ફેન્સ સુપર એક્સાઈટેડ છે. અક્ષય કુમાર તેમની શાનદાર એક્ટિંગ માટે ફેમસ છે. ફેન્સને અક્ષય કુમારનો કોમેડી, એક્શન, ઈમોશનલ તમામ અંદાજ પસંદ આવે છે. અક્ષય કુમાર ફિલ્મો ઉપરાંત મ્યુઝિક વિડીયો માટે પણ હંમેશા ચર્ચામાં રહે છે. અક્ષય કુમારે હવે સિંગિંગ શરૂ કર્યું છે. ખેલાડીએ તેમનો મ્યુઝિક વિડીયો 'શંભુ' રિલીઝ કર્યો છે. આ વિડીયોમાં અક્ષય કુમાર મહાદેવના અવતારમાં જોવા મળી રહ્યા છે. અક્ષય હંમેશા તેમના ફેન્સને પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફને લઈને અપડેટ આપતા રહે છે.

## એક સુપરસ્ટારની એક સુપરફ્લોપ બહેન

# શિલ્પા શેટ્ટીની બહેન શમિતા શેટ્ટીએ પહેલી હિટ બાદ બધી ફિલ્મોમાં ધબડકો વાળ્યો

બોલિવૂડમાં એવા ઘણા સ્ટાર્સ છે જેમણે પોતાની ડેબ્યૂ ફિલ્મથી જ સફળતાનો સ્વાદ ચાખ્યો, જ્યારે ઘણાને સફળતા મેળવવામાં વર્ષો લાગ્યા. પરંતુ, સ્ટ્રગલ પછી તેને મળેલી સફળતા પણ વર્ષો સુધી કાયમ રહી. બીજી તરફ, જેમને તેમની પહેલી ફિલ્મમાં સફળતા મળી હતી તેઓ પાછળથી દર્શકોની અપેક્ષાઓ પર ખરા ઉતરી શક્યા ન હતા અને ધીમે ધીમે મોટા પડદા પરથી ગાયબ થઈ ગયા હતા. આજે અમે તમને એવી જ એક હસીના વિશે જણાવીશું, જેણે પોતાની ડેબ્યૂ ફિલ્મથી જ સફળતાનો સ્વાદ ચાખ્યો, પરંતુ તેની સુપરહિટ ડેબ્યૂ ફિલ્મ પછી તે એક પણ હિટ ન આપી શકી. અમે વાત કરી રહ્યા છીએ બોલિવૂડની શરારા ગર્લ અને શિલ્પા શેટ્ટીની બહેન શમિતા શેટ્ટીની. શમિતા શેટ્ટીએ પોતાના કરિયરની શરૂઆત શાહરૂખ ખાન, ઐશ્વર્યા રાય અને અમિતાભ બચ્ચન સ્ટારર 'મોહબ્બતેં'થી કરી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ રહી હતી. આ ફિલ્મને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી અને ક્રિટિક્સ તરફથી પણ પોઝિટિવ રિસ્પોન્સ મળ્યો હતો. પરંતુ, આ પછી શમિતાને કોઈ હિટ ફિલ્મ ન મળી. જેના કારણે તે ધીરે ધીરે મોટા પડદા પરથી ગાયબ થવા લાગી. પરંતુ, આજે પણ તે તેના આઈટમ સોંગ દ્વારા દર્શકોની વચ્ચે ટકેલી છે. છેલ્લી વખત શમિતા બિગ બોસમાં જોવા મળી હતી. અહીં રાકેશ બાપટ સાથેની તેની નિકટતાની ખૂબ ચર્ચા થઈ હતી. પરંતુ, બાદમાં કપલ અલગ થઈ ગયું હતું. શિલ્પા શેટ્ટીની નાની બહેન હોવાને કારણે દર્શકોને શમિતા પાસેથી ઘણી અપેક્ષાઓ હતી અને શમિતા પોતે પણ મોટી હિરોઈન બનવાનું સપનું જોતી હતી. પરંતુ, તે તેની મોટી બહેનની જેમ સફળતા મેળવી શકી નહીં. આવી સ્થિતિમાં શમિતાએ બિઝનેસ તરફ કદમ માંડ્યા. શમિતા ગોલ્ડન લીફ નામની ઈન્ટિરિયર ડિઝાઈનિંગ કંપનીની માલિક છે અને એક વર્ષમાં કરોડો રૂપિયા કમાય છે. આ સાથે શમિતા ઈન્સ્ટાગ્રામ અને બ્રાન્ડ એન્ડોર્સમેન્ટથી પણ સારી કમાણી કરે છે. બિગ બોસ ૧૫ પછી, શમિતા ફિયર ફેક્ટર ખતરોં કે ખિલાડી, ઝલક દિખલા જા અને પછી કેટલાક ઓટીટી શોમાં જોવા મળી હતી. 'ક્યા હુઆ બ્રો' અને 'બ્લેક વિડો'માં શમિતાની એક્ટિંગની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી, પરંતુ આ પછી પણ તેને વધારે કામ ન મળી શક્યું. શમિતા ભલે બોલિવૂડની ક્વિન ન બની શકી હોય, પરંતુ ફિટનેસની બાબતમાં તે ૪૫ વર્ષની ઉંમરમાં પણ અન્ય હસીનાઓને ટક્કર આપે છે.



# ધારાસભ્ય બાબુભાઈ પટેલની ઉપસ્થિતિમાં દસ્ક્રોઈ તાલુકાના નાઝ ગામે પ્રાકૃતિક કૃષિ મેળો કમ પ્રદર્શન યોજાયું

## ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના ફાયદા, ખર્ચમાં ઘટાડો, ગુણવત્તા યુક્ત ઉત્પાદન સહિત પ્રાકૃતિક કૃષિ દ્વારા પ્રકૃતિનું જતન અને સ્વસ્થ સમાજનું નિર્માણ અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું

। (માહિતી) અમદાવાદ, તા.૫ ।

ધારાસભ્યશ્રી બાબુભાઈ જે. પટેલની ઉપસ્થિતિમાં દસ્ક્રોઈ તાલુકાના નાઝ ગામે પ્રાકૃતિક કૃષિ મેળો કમ પ્રદર્શન યોજાયું હતું. દસ્ક્રોઈના પ્રમુખસ્વામી પ્રાકૃતિક કૃષિ ફાર્મ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં અંદાજીત ૯૫૦ ખેડૂતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમમાં જુદા-જુદા કૃષિ વૈજ્ઞાનિકો, અધિકારીઓ, પ્રાકૃતિક કૃષિ સંયોજકો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના ફાયદા, તેના દ્વારા ખર્ચમાં થતો ઘટાડો, ગુણવત્તા યુક્ત ઉત્પાદન, પ્રકૃતિનું જતન અને પ્રાકૃતિક કૃષિ થકી સ્વસ્થ અને તંદુરસ્ત સમાજનું નિર્માણ સહિતના મુદ્દાઓ અંગે તલસ્પર્શી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યુ હતુ. સાથે જ, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો તેમજ પ્રાકૃતિક કૃષિમાં પાક સંરક્ષણ બાબતે પણ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

પ્રાકૃતિક કૃષિ બાબતે ખેડૂતો અને સંસ્થાઓ દ્વારા પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન સંબંધિત સ્ટોલ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલે ખેડૂતોને ગાય આધારિત પ્રાકૃતિક



કૃષિના ફાયદા જણાવી પ્રાકૃતિક કૃષિ અપનાવવા તેમજ રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો ઉપયોગ ન કરવા અપીલ કરી હતી. આ પ્રસંગે પ્રાકૃતિક કૃષિ અપનાવવા અંગે ઉપસ્થિત ખેડૂતોને શપથ લેવડાવામાં આવ્યા હતા તેમજ પ્રાકૃતિક કૃષિ કેલેન્ડર વિતરણ કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમમાં દસ્ક્રોઈના તાલુકા પંચાયત પ્રમુખ,સિંચાઈ સમિતિના ચેરમેન, નાઝ ગામના તાલુકા સદસ્ય, નાઝ ગામના સરપંચ, આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર કે.કે.પટેલ, શ્રી અમદાવાદ જિલ્લા ખેતીવાડી અધિકારી એચ.આઈ.પટેલ સહિત જિલ્લાના આત્મા,ખેતીવાડી અને બાગાયત સ્ટાફ હાજર રહ્યા હતા.

# થરા આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં ગુજરાતી- સંસ્કૃત વિષયનો એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

। (પ્રતિનિધી) થરા, તા.૫ ।

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શ્રી કાંકરેજ તાલુકા કેળવણી મંડળ થરા સંચાલિત શ્રીમતી કાન્તાબેન કીર્તિલાલ શાહ આર્ટસ એન્ડ શ્રીમતી લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કોલેજ, થરાના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી વિષયમાં "ગુજરાતી સાહિત્યની કાવ્યકૃતિઓનો આસ્વાદલક્ષી અભ્યાસ" અને સંસ્કૃત વિષયમાં ''શ્રીમદ ભગવદગીતા માનવજીવન ની આચારસંહિતા છે.''આ બન્ને વિષય ઉપર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું યોજાઈ ગયો જેના પ્રારંભમાં સરસ્વતી વંદના, વૈદિક મંત્રોચ્ચાર અને દીપપ્રાગટ્યથી કરવામાં આવ્યો.કોલેજના પ્રિન્સીપાલ ડૉ.ડી.એસ. ચારણે મહેમાનોના આવકાર સહ સ્વાગત અને પરિચય પ્રવચનની સાથે વિષયને અનુરૂપ પ્રેરક પ્રવચન આપીને, પી.એચ.ડી.ના વિદ્યાર્થીનોને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રાસંગિક ઉદબોધનમાં ડૉ. જયેન્દ્ર સિંહ જાદવ (મહામાત્ર,ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર) અને સમારંભના અધ્યક્ષ ડૉ. કે.કે. પટેલ (રજીસ્ટ્રાર શ્રી ઉ. ગુ. યુનિ. પાટણ)ની પ્રેરણા, પ્રોત્સાહન અને આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. મંત્રીશ્રી જીતુભાઈ ધાણધારા, રાજેશકુમાર સોની, સમકિતભાઈ શાહ, ભૂપેન્દ્રભાઈ શાહ તેમજ કાંકરેજ તાલુકા કેળવણી મંડળના સદસ્યશ્રીઓ સૌએ કાર્યક્રમને સફળ બનાવવામાં હાજરી આપી ને આશીર્વાદ પાઠવ્યા હતા. અતિથિ વિશેષ ડૉ.હેમરાજભાઈ આર. પટેલ (પૂર્વ પ્રિન્સીપાલ, થરા) ઉપસ્થિત રહી શ્રુતિ અને સ્મૃતિ ગ્રંથોનો પરિચય કરાવી મંગલ કામના સાથે પ્રેરક અને વિદ્વતાસભર પ્રવચન આપીને કલ્યાણકારી આશીર્વાદ પાઠવ્યા હતા.

ગુજરાતી વિષયના ડૉ.જયેન્દ્ર શેખડીવાળા- વલ્લભ વિદ્યાનગર એ ગુજરાતી સાહિત્યની કાવ્ય કૃતિ ઓનો આસ્વાદ કરાવી સૌ કોઈને રસ તરબોળ કરી વિદ્વતા સભર પ્રેરક પ્રવચન આપ્યું હતું. સંસ્કૃત વિષયના ડૉ.રામનારાયણ શાસ્ત્રી (સહ આચાર્ય , શિરોહી- રાજસ્થાન)એ મંગલ કામના સહ આશીર્વાદ પાઠવ્યા હતા તથા સંસ્કૃત વિષયના ડૉ.હેમરાજભાઈ આર. પટેલે "શ્રીમદભગવદગીતા માનવજીવન ની આચાર સંહિતા છે " એ વિષય પર ગીતાની સાંગો પાંગ બાબતોને કેન્દ્રમાં રાખી ગીતા માનવમાત્રનો વૈશ્વિક ગ્રંથ છે તેમ જણાવી પ્રેરક પ્રવચન આપ્યું હતું આ પરિસંવાદમાં વક્તા તરીકે પધારેલ ડૉ. યશોધર રાવલ(આર્ટ્સ કોલેજ, પિલવાઈ)પ્રા. કે.વી. તાવિ યાડ (વલ્લભવિદ્યાનગર) પ્રા.રમેશ ભાઈ શ્રીમાળી (પૂર્વ અધ્યાપક કોલેજ, વિસનગર), ડૉ. વર્ષાબેન ઠક્કર (પૂર્વ પ્રાધ્યાપિકા, થરા) જુદી જુદી કોલેજોમાંથી પધારેલ વિદ્વાન અધ્યાપકો,પી. એચ ડી. ના વિદ્યાર્થીઓ કોલેજનો સમગ્ર અધ્યાપક ગણ, સમગ્ર કર્મચારી ગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો. આ પરિસંવાદનું સુચારું સંચાલન ડૉ .એમ. એમ. જોષી અને ડૉ.આર. આર.રોહિતે કર્યું હતું.

# ટ્રાફિક અવેરનેસ માટે કાંકરિયા ગેટ નંબર ૩ પાસે પોલીસ સમન્વય સંસ્થા અને વિવેક શાહ (પ્રોડ્યુસર. નિર્માતા.) દ્વારા યોજાયો



। અમદાવાદ, તા.૫ ।

અત્યારે ટ્રાફિક સમસ્યા અકસ્માત ના બનાવો વધી રહ્યા છે ત્યારે પોલીસ સમન્વય સંસ્થા અને સેવા કાર્ય કરતા વિવેક શાહ દ્વારા કાંકરિયા ખાતે ટ્રાફિક અવેરનેસ નો કાર્યક્રમ યોજાયો જેમા ગુજરાત પોલીસ ના જવાનો કાંકરિયા પોલીસ સ્ટેશન ના પી.એસ.આઈ. સોલંકી.ટીઆરબી નાજવાનો પોલીસ સમન્વય ના પુનિત લુલ્લા તેમજ અન્ય લોકો મોટી સંખ્યા મા જોડાયા હતા.

# ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ટેન્કર દ્વારા ઉભેલા વાહનને ટક્કર મારતાં બોલેરો અને મોટર સાયકલને નુકશાન

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

લીમડી નગરમાં તારીખ ૦૩-૦૨-૨૦૨૪ શનિવારના રોજ અંદાજીત રાત્રીના બે વાગે એક ટેક્રર ચાલક દ્વારા ઉભેલા વાહનને ટક્કર મારતાં નુકશાન થયેલ હતું. લીમડી નગરના ગોધરા રોડ પર રહેતા કિરીટ મગનભાઈ ચૌહાણ દ્વારા તેમના વાહન ઘરની બહાર પાર્ક કરેલ હતા. રાત્રિના બે વાગ્યાના અરસામાં એક એમ.પી પાસીંગ ટેક્રર જેનો નંબર MP-09-HG-2164 ના ચાલક પવન આશારામ ઝાટવ દ્વારા પૂરપાટ રીતે ચલાવતા મગનભાઇના ઘરની બહાર ઉભી બોલેરો જેનો નંબર GJ-20-Z-7500 અને જ્યુપીટર મોટર સાયકલ જેનો નંબર GJ-20-AL-6500 ને એક્સીડેન્ટ કરી નુકશાન કરેલ હતું. આ અંગે પૂરપાટ ગફલત રીતે ટેક્રર ચલાવનાર વાહન ચાલક વિરુદ્ધ મગનભાઈ ચૌહાણ દ્વારા લીમડી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવેલ છે.

# આગામી લોકસભાની ચૂંટણી અંતર્ગત કલેકટરના અધ્યક્ષ સ્થાને નોડલ અધિકારીઓની બેઠક મળી




। (માહિતી) પોરબંદર, તા.૫ ।

આગામી લોકસભાની ચૂંટણી અંતર્ગત પોરબંદર બેઠક હેઠળ કરવાની થતી ચૂંટણીલક્ષી કામગીરીની તૈયારીઓના ભાગરૂપે કલેકટર અને ચૂંટણી અધિકારી શ્રી કેડી લાખાણી ના અધ્યક્ષ સ્થાને નોડલ અધિકારીઓની બેઠક યોજાઈ હતી. ચૂંટણી પંચના માર્ગદર્શન અનુસાર પોરબંદર જિલ્લામાં ચૂંટણીને લગતી વિવિધ કામગીરી માટે અલગ અલગ લોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. કલેકટર શ્રી કે.ડી લાખાણી એ નોડલ અધિકારીઓને પ્રાથમિક માર્ગદર્શન આપી જરૂરી પૂર્વ તૈયારીઓ અંગે દરેક મુદ્દે માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે .બી ઠક્કર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી રેખાબા સરવૈયા તેમજ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી હિરલ દેસાઈ અને સંબંધિત કચેરીઓના અધિકારીઓ નોડલ અધિકારી તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ નગરમાં ગેસ લાઇનના ખોદેલા ખાડા અને ઉભરાતી ગટરોથી દુકાનદારો અને રાહગીરો હેરાન

## ગેસ લાઇનની સૂચક એજંસી દ્વારા મનમાની પ્રમાણેની કામગીરીનો ભોગ બાળકો બન્યા






। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ નગરના કોળીવાડા વિસ્તારમાં ગેસ એજન્સી દ્વારા ગેસ લાઈન માટે ખાડા ખોદેલ છે જેની મંદ ગતિથી થતી કામગીરીને લઈ આ વિસ્તારના લોકોમાં રોષ જોવા મળી રહેલ છે. ગેસ લાઈન દ્વારા ખોદવામાં આવેલ ખાડા છેલ્લા દસ દિવસથી પૂરવામાં નથી આવેલ જેથી અહીંથી નીકળનાર રાહગીર તેમજ દુકાનદારોને ખૂબ જ તકલીફ પડે છે. અહીં જે ગેસ લાઈનના ખાડા ખોદેલ છે ત્યાં રહેણાંક વિસ્તાર પણ નજીક છે તેથી અહીં રહેનાર નાના નાના બાળકો રમતા રમતા આ ખાડામાં પડી ગયેલ હોવાની ઘટના પણ સર્જાયેલ છે. વળી ખાડા ખોદેલ હોવાથી રોડ પર ધૂળ પડેલ છે તેથી અહીં વ્યાપાર કરનાર દુકાનદારોની દુકાનમાં આ ખાડાની ધૂળો પણ ઉડીને દુકાનમાં વારે ઘડી આવે છે તેમજ જે ખાડાઓ ગેસ એજન્સી દ્વારા ભરવામાં આવેલ છે તે અસમતોલ રીતે ભરેલ છે તેથી કોઈ ઉંચા નીચા લેવલને લીધે પણ અહીં રહેતા લોકોને ભારે તકલીફનો સામનો કરવો પડે છે. તેથી કોળીવાડા વિસ્તારના લોકોની માંગ છે કે ગેસ એજન્સી દ્વારા તાત્કાલિક ધોરણે ખાડા પૂરવામાં આવે અને રોડનું જે ઉંચા નીચા ખાડા ભરેલ છે તેનું લેવલ કરી સમાંતર રોડ કરાવી આપે જેથી અહીંથી નીકળનાર રાહગીર, દુકાનદારો કે રહેવાસીઓને કોઈ તકલીફ ન પડે.

ઝાલોદ નગરના સ્વર્ણિમ સર્કલ પાસે આવેલ કોર્નર પર નગરપાલિકાની ગટર લાઈન આવેલ છે. અહીં વ્યાપાર કરતા દુકાનદારોનું કહેવું છે કે આ ગટર કાયમ ભરાઈ જાય છે તેમજ આ ગટરની સફાઈ નગરપાલિકા દ્વારા કરવામાં તો આવે છે પરંતુ પાણીનો યોગ્ય નિકાલ ન હોવાને કારણે આ ગટર કાયમ ભરાયેલ જોવા મળે છે. આ ગટર ખૂબ દુર્ગંધ મારતી હોવાથી અહીં વ્યાપાર કરનાર વ્યાપારીઓ ને સતત બીમારીનો ભય સતાવતો રહે છે. આ ગટર લાઈનના પાણીના કાયમી નિકાલ કરવા ઘણી વાર રજૂઆતો કરવામાં આવેલ છે છતાંય અહીં રહેતા લોકોને તંત્ર દ્વારા કોઈ ન્યાય નથી મળતો તેવું અહીંના લોકોનું કહેવું છે. આ ગટર લાઈનનો કાયમી ઉકેલ માટે અહીંના લોકો તંત્ર પાસે માંગણી કરી રહેલ છે.

ગટર લાઈનની એક કાયમની સમસ્યાને લઈ ગરીબ નવાજ શોપીંગ સેન્ટરની પાસે આવેલ દુકાનદારો તોબા પોકારી ગયેલ છે અહીંના વ્યાપારીઓ જાતે જ ગટરની સાફસફાઈ કરતા જોવા મળ્યા હતા. વારેઘડી એકને એક જાતની સમસ્યા માટે તંત્ર કેમ ધ્યાન નથી આપતું... એક દુકાનદારને તો આ ભરાઈ ગયેલ ગટરને લઈ કાયમ સમસ્યા સતાવે છે કેમકે આ ઉભરાતી તેમજ ગંધ મારતી ગટરનું પાણી તેની દુકાનને અડીને જ જાય છે જેથી તેમનો વ્યાપાર છાસવારે ઠપ થઈ જાય છે. આ ઉભરાતા ગંદા પાણીની ગટરને લઈ વ્યાપારીઓ હવે તંત્ર સામે લડી લેવાના મૂડમાં જોવાય છે. આ ઉભરાયેલ ગટરના પાણી થી દુકાનદારો તો હેરાન છે જ પરંતુ આ પાણી રોડ પર આવતા અહીંથી નીકળનાર રાહગીરો પણ હેરાન છે. ઉભરાતી ગટરોને લઈ મચ્છરનો ઉપદ્રવ પણ વધું જોવા મળે છે તેથી કાયમ અહીં વ્યાપાર કરનાર વ્યાપારીઓને સતત ગંભીર બીમારીઓનો ભય પણ સતાવતો હોય છે. તંત્ર પાસે આ વિસ્તારના લોકો ગટરની કાયમી સફાઈ થાય તેવી અપેક્ષા રાખી રહેલ છે.

# ગુજરાત સાયન્સ સિટીની એક્વાટિક ગેલેરી ખાતે "Be An Aquarist" ટ્રેનિંગ પ્રોગ્રામની પૂર્ણાહુતિ થઇ

। અમદાવાદ, તા.૫ ।

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટીમાં 'BE AN AQUARIST' નામના અદભૂત વર્કશોપનું ઘણા સમયથી આયોજન કરવામાં આવે છે. બે બેચની સફળતા બાદ ત્રીજી બેચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ૩ ફેબ્રુઆરીએ સમાપન થયું. આ વર્કશોપ ૩૧ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી સુધી ચાલ્યો. વર્કશોપમાં વિવિધ કોલેજોના ૪૦ જેટલા વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા.

આ ટ્રેનિંગ દરમિયાન તેમને એક્વાટિક ગેલેરીની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી, જેમાં લાઈફ સપોર્ટ સિસ્ટમની કામગીરી અને જાળવણી, એક્ઝિબિટ મેનેજમેન્ટ અને ક્યુરેશન, ખોરાકનું વ્યવસ્થાપન, બાયોસેફ્ટી અને વિઝિટર મેનેજમેન્ટ પર વિસ્તૃત માહિતી આપવામાં આવી. ગુજરાત સાયન્સ સિટી અવિરતપણે વિજ્ઞાનના પ્રચાર અને પ્રસારના કાર્યક્રમોનુ આયોજન કરતી રહે છે.

# ડુંગરી પ્રાથમિક શાળામાં આરોગ્ય વિભાગ દ્વારા સિકલ સેલ ચેકઅપ કાર્યક્રમ યોજવામાં આવ્યો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

તારીખ ૦૫/૦૨/ ૨૦૨૪ ના રોજ ઝાલોદ તાલુકાની ડુંગરી પ્રાથમિક શાળામાં જિલ્લા પંચાયત દાહોદના આરોગ્ય વિભાગ દ્વારા આયોજિત સિકલ સેલ નિર્મૂલન અભિયાન દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં ધોરણ પાંચથી આઠના વિદ્યાર્થીઓનું ચેકઅપ કરવામાં આવ્યું હતું. અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ડુંગરીના મેડિકલ ઓફિસર ડૉ.આસીમ શેખ સાહેબ દ્વારા સિકલ સેલ માટે જરૂરી માહિતી આપવામાં આવી હતી. અને આર.બી.એસ. કે મેડિકલ ઓફિસર ડૉ. કિરણ ડામોર કોમ્યુનિટી હેલ્થ ઓફિસર શ્રદ્ધાબેન રાવત, સૌરભભાઈ ડામોર મનહરભાઈ સંગાડા,




યામીનીબેન માહેરા સિકલસેલ કાઉન્સિલર રેખાબેન ડામોર અને શાળાનો સમગ્ર સ્ટાફ ખૂબ ઉત્સાહપૂર્વક જોડાઈ ચેક અપ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# ગાંધીધામ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી યોગસેવક શિશપાલજીના અધ્યક્ષસ્થાને યોગ સંવાદ કાર્યક્રમ યોજાયો

। (માહિતી) ભુજ, તા.૫ ।

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આજરોજ ગાંધીધામ ખાતે યોગનો અમૃતકાળ "ગામે ગામ યોગ ઘરે ઘરે યોગ" અભિયાન હેઠળના બે દિવસીય કાર્યક્રમના પ્રથમ દિવસે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી યોગસેવક શિશપાલજીના અધ્યક્ષસ્થાને યોગસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી યોગસેવક શિશપાલજીએ જણાવ્યું હતું કે, યોગએ સ્વાસ્થ્યની કુંજી છે. આજે બેઠાડું જીવન, વ્યાયામનો અભાવ તથા અયોગ્ય ખાનપાનના કારણે લોકોનું સ્વાસ્થ્ય કથળ્યું છે. ત્યારે યોગ એ સ્વાસ્થ્ય સુધારવા સાથે મનની શાંતિ પણ આપે છે. તેમણે શરીરની જક્કડ અને મનની પકડને બીમારીનું કારણ હોવાનું જણાવીને લોકોને પ્રાણાયામ યોગાસન તેમજ દૈનિક વ્યાયામ કરવા માટે અપીલ કરી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, રોગમુક્ત અને યોગયુક્ત બનવા માટે દરેક વ્યક્તિએ સંકલ્પ લઈને ઘરે ઘરે યોગનો પ્રચાર કરવો પડશે તો જ આજના સમયમાં વ્યક્તિ તંદુરસ્ત જીવન જીવી શકવા માટે સક્ષમ બનશે. તેમણે દૈનિક જીવનમાં તાળીનું મહત્વ સમજાવતા લોકો સાથે યોગ અંગે સીધો સંવાદ કરીને આ બાબતે માર્ગદર્શન આપ્યું હતું તેમજ ઉપસ્થિત નાગરિકોને યોગના પાઠ ભણાવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વભરમાં યોગનો પ્રચાર કર્યો છે ત્યારે તેમની આગેવાની હેઠળ આપણે પણ ઘરે ઘરે યોગની જ્યોત પ્રજવલિત કરીએ.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. નવા પ્રૉજેક્ટ અને ભવિષ્ય પર ધકેલી દો. અચાનક આજે તમે કામથી વિરામ લેવાની શકો છો અને તમારા પરિવાર સાથે સમય પસાર કરી શકો છો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા મગજમાં હકારાત્મક વિચારો લાવો. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો- અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે અને આજે તમને એનો અનુભવ થશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષય આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. પૈતૃક સંપત્તિમાં વારસાના સમાચાર તમારા આખા પરિવારને ખુશખુશાલ કરી મુકશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂયર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે. આજે તમે રોમેન્ટિક સ્પંદનો અનુભવશો.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. ઘરમાં કેટલીક સાફસફાઈ કરવાની તાકીદે જરૂર છે.

**સાગર પરિક્રમા**

## જાહેરજીવનમાં રહીને વિશ્વમાં સૌથી વધુ રાજકીય-સામાજિક-રાષ્ટ્રીય જનજાગૃતિ માટે યાત્રા-પરિક્રમાના સંયોજક-પ્રેરક કે નેતૃત્વ કર્યું હોય તો તે શ્રી નરેન્દ્રભાઈ મોદી છે

# શ્રી રૂપાલાની "સાગર પરિક્રમા"ના ઈતિહાસના પ્રથમ પ્રયોગે લાખો માછીમારોને પ્રત્યક્ષ હોંકારો, હૂંફ અને યોજનાઓનો સધિયારો આપ્યો છે

**'સાગર પરિક્રમા' ૧૨ તબક્કામાં ૯ રાજ્યો અને ૪ કેન્દ્ર શાસિત રાજ્યો નો કુલ ૮૧૧૮ કિ.મી. દરિયાઈ પ્રવાસમાં ૧૧૪ જેટલા મોટા સંમેલન-સભાઓ, ૩૦૦ થી વધુ મીટીંગ, વિવિધ સ્થાન પર મુલાકાતો સાથે માછીમારો માટે ખૂબ ફળદાયી બની**

**આ પરિક્રમા માછીમારોના કલ્યાણ માટે ફળદાયી હતી પરંતુ શ્રી રૂપાલાજી અને શ્રીમતી સવિતાબેન રૂપાલા માટે રોચક અને ભયાનક પણ રહી, બે વાર તેઓ મોતના મુખમાંથી પાછા આવ્યાં**



## સાક્ષીભાવ

**લેખક : ભરત પંડયા**






જાહેરજીવનમાં રહીને વિશ્વમાં સૌથી વધુ રાજકીય-સામાજીક-રાષ્ટ્રીય જનજાગૃતિ માટે યાત્રા-પરિક્રમાના સંયોજક-પ્રેરક કે નેતૃત્વ કર્યું હોય તો તે શ્રી નરેન્દ્રભાઈ મોદી છે. તેમણે કૈલાસ માનસરોવરથી લઈને, ન્યાય યાત્રા, સોમનાથ-અયોધ્યા યાત્રા, એકતા યાત્રા, ગુજરાત ગૌરવ યાત્રા, વિરાંજલી યાત્રા, કન્યા કેળવણી યાત્રા, કૃષિ યાત્રા, સ્વર્ણિમ ગુજરાત યાત્રા, વંચિતોની વિકાસ યાત્રા, સ્વામિ વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાથી લઈને છેલ્લે હમણાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા સુધી અનેક યાત્રાઓમાં તેમનો વિચાર અને અથાક પરિશ્રમ રહ્યો છે. આતો, થોડાંક જ નામોની યાદી છે.

શ્રી મોદી સરકારે પ્રથમવાર માછીમાર લોકો માટે અલગથી મત્સ્ય વિભાગ બનાવીને માછીમારોને 'સાગરખેડૂ' નામ-સન્માન સાથે કેટલીક યોજનાઓ આપવામાં આવી. મત્સ્ય વિભાગની અલગ રચના પછી તેની જવાબદારી ભારત સરકારના મત્સ્ય, પશુપાલન અને ડેરી મંત્રી તરીકે શ્રી પરષોત્તમભાઈ રૂપાલાને સોંપવામાં આવી.

ભાજપ સંગઠન અને સરકારમાં કુલ ૩૯ વર્ષનો રાજકીય કારકિર્દીનો બહોળો અનુભવ ધરાવતાં શ્રી રૂપાલાએ સંગઠનમાં પદયાત્રા કરવાની હોય કે ટિફીન બેઠક શરૂ કરવાની હોય. દલિતના ઘરે ચા-પાણી કે ભોજન કરવાનું હોય, સરકારમાં ખેડૂત વિમાથી લઈને પાક વિમામાં યોગદાન આપવાનું હોય કે લોકસાહિત્યમાં 'મોજે દરિયા' રહેવાનું હોય. તેમણે જે તે જવાબદારીમાં કંઈક અનોખું કરવાનો સતત પ્રયાસ કર્યો છે. સામાન્ય રીતે નર્મદા પરિક્રમા, ચારધામ, વૃંદાવન, પાલીતાણા કે ગિરનારની લીલી પરિક્રમા લોકોએ સાંભળી કે કરી હશે. મત્સ્ય વિભાગના મંત્રી બન્યાં પછી શ્રી પરષોત્તમભાઈ રૂપાલાએ દેશના દરિયાઈ કિનારે રહેતા માછીમારોને રૂબરૂ મળવા-જાણવા અને મદદ કરવા માટેની નૈતિક જવાબદારી સમજીને દરિયાઈ માર્ગે 'સાગર પરિક્રમા'નો નવો વિચાર પ્રથમવાર અમલમાં મૂકયો.




જે સાગરમાંથી અનેક સંપદા મળે છે. દેશની સુરક્ષા સાથે માછીમારોને આજીવિકા આપે છે. તે સાગરની પૂજા-વંદન સાથે કૃતજ્ઞતા વ્યકત કરવી એટલે 'સાગર પરિક્રમા' દરિયાદેવના કિનારે કિનારે પ્રદક્ષિણા દ્વારા માછીમારોની સમસ્યાઓને રૂબરૂ જઈને, સાંભળીને સમજવાનો પ્રયાસ એટલે 'સાગર પરિક્રમા' માછીમારો-સાગરખેડૂ સાથે સંપર્ક-સંવાદ અને સમન્વય સાથે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના મત્સ્ય વિભાગની યોજનાઓની જનજાગૃતિ અને લાભ અપાવવાનો વ્યાપક પ્રયાસ એટલે 'સાગર પરિક્રમા'.

શ્રી રૂપાલાએ "સાગર પરિક્રમા"નો શુભારંભ તા.૦૫-૦૩-૨૦૨૨ના રોજ ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માના સ્મારકથી શરૂ કરીને ઓખા, દ્વારકાધીશના દર્શન કરીને પોરબંદરમાં મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ – કિર્તીમંદિરમાં વંદના કરીને 'ક્રાંતિ થી શાંતિ'ના પ્રથમ તબક્કા પછી સતત ૧૨ તબક્કામાં ૯ રાજ્યો અને ૪ કેન્દ્ર શાસિત રાજ્યો પસાર કરીને કુલ ૮૧૧૮ કિ.મી. દરિયાઈ પટ્ટીની 'સાગર પરિક્રમા' કરીને તા.૧૧, જાન્યુઆરી ૨૦૨૪માં ઓરિસ્સાના જગન્નાથપૂરીના દર્શન સાથે વેસ્ટ બંગાળના "ગંગા સાગર" માં પૂર્ણ કરી હતી.

હિંદ મહાસાગર, અરબ સાગર અને બંગાળીની ખાડી આ ત્રણેય સમુદ્ર ભારતની ફરતે આકારે આવેલા છે. દરિયાઈ માર્ગે ભારતની પરિક્રમા કરવા માટે ગુજરાત, દમણ-દિવ, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, આંદામાન અને નિકોબાર, કેરળ, તામિલનાડુ, આંધ્રપ્રદેશ, પુડુચેરી,ઓડિશા, પશ્ચિમ બંગાળ આમ, કુલ ૯ રાજ્યો અને ૪ કેન્દ્ર શાસિત પ્રદેશ માંથી પસાર થવું પડયું હતું.

ભારતની "બ્લ્યુ ઈકોનોમિ" ૧૩ રાજ્યો સહિત ૨ ટાપુ, ૧૨ મોટા અને ૨૦૦ બંદરો દ્વારા દેશના ૯૫ ટકા વ્યવસાયને પરિવહન માટે ટેકો આપે છે. માછીમારો અને તેમની સાથે સંકળાયેલા ૬ કરોડ લોકોને પરોક્ષ રીતે આજીવિકા પૂરી પાડે છે. ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો મત્સ્ય ઉત્પાદક એટલે જળકૃષિ દેશ છે અને સૌથી મોટા એકવાકલ્ચર ફિશ ઉત્પાદક તરીકે બીજા નંબરે છે. સૌથી મોટો ઝીંગા ઉત્પાદક અને વિશ્વમાં ચોથો સૌથી મોટો સીફૂડ નિકાસકાર છે. તેમજ દેશનું માછલી કુલ ઉત્પાદન ૧૬૨.૪૮ લાખ ટન છે. નિકાસનું મૂલ્ય ૫૭,૫૮૭ કરોડ રૂ. હતું. કૃષિ નિકાસમાં ૧૭ ટકા યોગદાન સાથે કૃષિ જીડીપીમાં ૬.૭૨ ટકો હિસ્સો ધરાવે છે. દેશની જી.ડી.પી.માં ૪ ટકા યોગદાન આપે છે. આ પ્રકારની "નીલી અર્થક્રાંતિ" ધરાવનાર વ્યવસાયને સંલગ્ન માછીમાર સમાજને અગાઉની સરકારમાં નજર અંદાજ કરવામાં આવતો હતો.

શ્રી રૂપાલાની "સાગર પરિક્રમા"ના ઈતિહાસના પ્રથમ પ્રયોગે લાખો માછીમારોને પ્રત્યક્ષ હોંકારો, હૂંફ અને યોજનાઓનો સધિયારો આપ્યો હતો. તથા માછીમારોના પડકારોને જોઈ-જાણી અને અનુભૂવીને તેમના જીવનમાં આર્થિક ગુણવત્તા સુધાર માટેનું એક વિરાટ પગલું ભર્યુ હતું. આ પરિક્રમામાં કુલ ૧૧૪ જેટલા મોટા સંમેલન-સભાઓ, ૩૦૦ થી વધુ મીટીંગ, વિવિધ સ્થાન પર કરીને પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના, સાગર ખેડૂત યોજના વિવિધ સાધન સહાય યોજના તથા માછીમારોને મદદરૂપ થતાં ઈન્ફ્રાસ્ટ્રચરને મજબૂત બનાવવાનું કામ કર્યુ હતું. આ ઉપરાંત માછીમાર સમાજના વિવિધ પંચો, સંસ્થાઓ અને માછીમાર ભાઈ-બહેનોના વ્યક્તિગત સંવાદો દ્વારા તેમની મુશ્કેલીઓ અને માંગણીઓની માહિતી મેળવવામાં આવી. ધાર્મિક સ્થાનો અને શહિદ સ્મારકના પર પૂજા-વંદના કરવામાં આવી હતી. મત્સ્ય બજાર, માછીમાર વસાહત, સંશોધન કેન્દ્રો, કોલ્ડ સ્ટોરેજ, મત્સ્ય ઉછેર કેન્દ્ર અને બંદરોની મુલાકાત લેવામાં આવી. માછીમારોનું સાહસ, રહેણીકરણી, જીવનશૈલી, બોલી, વેશભૂષા-ખાનપાન, દેવી-દેવતાઓની પરંપરા, માછીમાર અને દરિયાઈ સંસ્કૃતિ સફરના સુખ-દુઃખના ગીતો, ઓછી સુવિધાઓમાં પણ શરીરમાં તરવરાટ અને પ્રસન્ન ચહેરાઓ જોઈને માન ઉપજે તેવા સંભારણા સાથેની આ પરિક્રમા ઈતિહાસમાં યાદગાર બની રહેશે.

'સાગર પરિક્રમા'માં દરિયાની અંદરનો કરંટ, ઉછળતા વિરાટ મોજાઓ, દૂર જોજનો સુધી જળસૃષ્ટિ, દરિયાઈ તોફાનોમાં મોતની થપાટો, અદ્દભૂત રંગબેરંગી માછલીઓનો તરવરાટ, ઊગતો-આથમતો અને પાણીમાં ડૂબતો સૂર્ય, ચંદ્રની શીત્તળતા સાથે આકાશમાં રહેલી દિવ્ય-ભવ્ય શાંતિનું તારા મંડળ, નાની હોડીથી માંડીને ઓવરક્રાફટ, કોસ્ટગાર્ડ શિપ સુધીની સફર જીવનમાં વિસ્મરણીય રહેશે.

જાહેરજીવનમાં કે ધાર્મિક ઉત્સવોમાં કોઈના સ્વાગત માટે સાયકલ, સ્કૂટર-બાઈક, કાર રેલીના દશ્યો આપણે જોયાં છે. પરંતુ દરિયાઈ માર્ગે આવતાં મહેમાનનું સ્વાગત માટે બોટ/હોડીઓની રેલી દ્વારા સ્વાગત થતું હોય તે પહેલીવાર જોયું છે.



આ પરિક્રમામાં નેવીના કોસ્ટગાર્ડ શીપે ખૂબ જ સહકાર આપ્યો. 'સાર્થક' નામના કોસ્ટગાર્ડ શીપમાં **Spirited, Steadfast, Sublime** (ઉત્સાહિત, અડગ અને ઉત્કૃષ્ટ) લખેલ શબ્દો દરિયાઈ સીમા-સુરક્ષા અને દુશ્મન દેશની સામે સતત જાગૃત રહીને સામનો કરતાં કમાન્ડર અને સૈનિકોની નિષ્ઠા અને પરીશ્રમને ઉજાગર કરતાં હતાં.

આ પરિક્રમા માછીમારોના કલ્યાણ માટે ફળદાયી હતી પરંતુ શ્રી રૂપાલાજી અને શ્રીમતી સવિતાબેન રૂપાલા માટે રોચક અને ભયાનક પણ રહી. બે વાર તેઓ મોતના મુખમાંથી પાછા આવ્યાં. માંગરોળ થી પીપાવાવ બોટમાં જતી વખતે – મધદરિયે મોટી બોટ માંથી કિનારે જવા નાની બોટમાં સીફટ થવાનું હતું. આ સીફટીંગ સમયે દરિયાઈ કરંટ દ્વારા ઘુઘવતા મોજાઓ અને પાણીના ફોર્સને કારણે બે બોટ સ્થિર રહી શકતી ન હતી. તેવા સમયે મોટી બોટમાંથી નાની બોટની નીચે ઉતારતા સમયે બોટનો હૂક ભયંકર ધડાકા સાથે તૂટી ગયો અને બોટ આંચકા સાથે એકબાજૂથી લટકતી રહી. આ દશ્યોને જોઈને બધાંનો જીવ તાળવે ચોંટી ગયો હતો. પરંતુ હમેશાં લોકોને મળતી વખતે કે પ્રવચનની શરૂઆતમાં રામ-રામ બોલતાં શ્રી રૂપાલા રામ-કૃપાથી બચી ગયાં હતાં. આવી ઘટના બે વાર બની હતી.

બીજી ઘટના એ હતી કે, ઓરીસ્સામાં ચિલ્કા ઝીલમાં રાત્રિના અંધકારમાં 'સાગર પરિક્રમા'ના કાર્યક્રમમાં જવા નાની બોટમાં જઈ રહ્યાં હતાં ત્યારે ઝીલમાં માછલી પકડવાની જાળ બોટમાં વારંવાર ફસાઈ જવાથી મુશ્કેલીમાં મૂકાયા. બોટમાં શ્રી રૂપાલા, તેમના ધર્મપત્નિ શ્રી સવિતાબેન, શ્રી સંબિત પાત્રા અને નાવિક એમ માત્ર ૪ વ્યક્તિઓ બોટમાં હતાં. આ ઉપરાંત બોટની દિશા તેમજ કિનારે જવાનું લોકેશન ન મળવાથી ચિલ્કા ઝીલમાં બે કલાક સુધી ગુમ થઈ ગયાં હતાં. અંતે એક માછીમારની બોટ સામે મળતાં તેમને કિનારા સુધી લઈ આવ્યાં હતાં. આમ માંડમાંડ જાનના જોખમે કિનારે પહોંચ્યાં હતાં.

દરિયાદેવને પૂજનારો, મોતને મૂઠ્ઠીમાં રાખીને સાગરના ઘુઘવતા તોફાન સામે લડનારો, પડકારોને ઝીલનારો અને પરીશ્રમ કરનારા માછીમાર ભાઈ-બહેનોને વંદન. શ્રી રૂપાલાને ઐતિહાસિક 'સાગર પરિક્રમા' માટે અભિનંદન.

(લેખક : પૂર્વ પ્રદેશ પ્રવકતા, ભાજપ અને પૂર્વ ધારાસભ્ય)







**આપણી ભારતીય સંસ્કૃતિમાં ભક્તિ, શ્રધ્ધા અને પરંપરાઓમાં તીર્થક્ષેત્રની પરિક્રમા કરવાનો અનોખો મહિમા છે**

**ન્યૂઝ બ્રિફ**

## ઓફિસ આસિસ્ટન્ટ-જૂનિયર ક્લાર્કની ભરતીમાં બેઠકોનો વધારો કરાયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

સ્પર્ધાત્મક ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. ઓફિસ આસિસ્ટન્ટની ૧૨ જગ્યા તથા અન્ય કચેરીઓની જુનિયર ક્લાર્કની ૩૪૦ જગ્યા એમ મળીને કુલ ૩૫૨ જગ્યાનો ફરી એકવાર વધારો કરાયો છે. ગૌણ સેવા પસંદગી મંડળની ભરતીમાં જગ્યાઓ કુલ ૫૫૫૪ થઈ છે. અત્રે એક નવી અપડેટ સામે આવી છે કે, જે ઉમેદવારોએ ઓનલાઈન એપ્લિકેશન કન્ફર્મ કરેલી છે તેઓને પરીક્ષા ફી ભરવા માટે વધુ બે દિવસ આપવામાં આવ્યા છે. જે ઉમેદવારોની ઓનલાઈન એપ્લિકેશન કન્ફર્મ થયેલી છે તે ઉમેદવારો તારીખ ૬ ફેબ્રુઆરી અને ૭ ફેબ્રુઆરી દરમિયાન ઓનલાઈન પેમેન્ટ કરી શકે છે. જે ઉમેદવારને ફી ભરવામાં મુશ્કેલી જણાતી હોય તો તેઓ મંડળમાં ફોન કરીને અથવા રૂબરૂમાં આવીને માર્ગદર્શન મેળવી શકે છે તેવું પણ જણાવ્યું છેગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ગુજરાત ગૌણ સેવા, વર્ગ-૩ (ગ્રુપ- છ તથા B)ની જગ્યામાં વધારો કરાયો છે.

## પશુપતિનાથ મહાદેવ મંદિરમાં ૫ કિલો ચાંદીના દાગીનાની ચોરી થઇ

। (એજન્સી) અંકલેશ્વર, તા.૫ ।

અંકલેશ્વરમાં તસ્કરોએ ભગવાનના ઘરને નિશાન બનાવ્યું છે. પશુપતિનાથ મહાદેવ મંદિરમાં તસ્કર ત્રાટક્યા હતા. તસ્કરોએ ભગવાનના આભૂષણોની ચોરી કરી હતી. આ તસ્કર સીસીટીવીમાં કેદ થયા હતા. બનાવની પોલીસને જાણ કરવામાં આવી છે. સીસીટીવી ફૂટેજ અનુસાર બે તસ્કર મંદિર પરિસરમાં જોવા મળ્યા હતા. આ બે તસ્કરો સવારે ૩.૪૫ વાગ્યાના અસરમાં નજરે પડયા હતા. ૫ કિલોથી વધુ ચાંદીના દાગીનાની ચોરી કરી ચોર પલાયન થઈ ગયા હતા. ચોરીની ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા બાદ પોલીસને ઘટનાની જાણ કરતા પોલીસકર્મીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.



સાબરમતી રેલવે પાસે બુલેટ ટ્રેનમાં જવા માટે ફૂટ બ્રિજ બનવાયેલ છે.

### રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૧,૧૨૬ લાખનો ખર્ચ કરાયો

## ગુજરાતમાં ૩૦૧૮ બાળકોનું વિનામૂલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટ કરાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

વિધાનસભા ગૃહ ખાતે સભ્ય દ્વારા કોકલિયર ઈમ્પ્લાન્ટ અંગે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, 'શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' અંતર્ગત ગુજરાતમાં વર્ષ ૨૦૧૪-૧૫ થી ૨૦૨૩-૨૪ સુધીમાં ૩૦૧૮ બાળકોની વિનામૂલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે. જેના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૧,૧૨૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત સરકાર દ્વારા ૬ વર્ષ સુધીના જન્મજાત બહેરાશની તકલીફ ધરાવતા બાળકોને વિનામૂલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી અને સર્જરી બાદ ૧૦૦ સ્પીચ થેરાપી સેશન સહિતની ગુણવત્તાસભર સારવાર પૂરી પાડવામાં આવે છે. RBSK હેઠળ આરોગ્ય તપાસણી અંગે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા મંત્રીએ કહ્યું કે, અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન ૩.૬૧ લાખથી વધુ બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવી છે. જે પૈકી ૧૭૪ બાળકોને હૃદય રોગ, ૭૫ બાળકોને કિડની રોગ અને ૪૮ બાળકોને કેન્સર રોગ મળી કુલ ૩૯૭ બાળકોને આ ગંભીર બીમારીઓની સારવાર આપવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગો ધરાવતા બાળકોની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.

### એન્ટ્રી ગેટથી ચેકઈન કાઉન્ટર્સ સુધીની ધીમી પ્રક્રિયા

## અમદાવાદ એરપોર્ટ પર બુરખો પહેરેલી ભાવનગરની બે મહિલાને રોકવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

થોડા દિવસ પહેલા જ અમદાવાદ એરપોર્ટ અવ્યવસ્થાને કારણે ચર્ચામાં આવ્યું હતું. એન્ટ્રી ગેટથી લઈને ચેક-ઈન કાઉન્ટર્સ સુધી ધીમી પ્રક્રિયાને કારણે પેસેન્જરોની લાંબી લાઈન લાગે છે. જેનાથી લોકોને હાલાકી થઈ રહી છે.

દરમિયાન હવે અહેવાલ સામે આવ્યા છે કે, અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બુરખો પહેરેલી બે મહિલાઓને રોકવામાં આવી છે. આ બંને મહિલાઓ ઉમરાહ માટે જેદ્દાહ જવાની હતી. ઈમિગ્રેશન પ્રોસેસ દરમિયાન ભાવનગરની આ બંને મહિલાઓને ઓથોરિટીઝ દ્વારા રોકવામાં આવી હતી. બંને મહિલાઓ ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ ૬ઈ૯૧ મારફતે સાઉદી અરેબિયાના જેદ્દાહ જવાની હતી.

ચોંકાવનારી વાત તો એ છે કે, ઉમરાહ માટે જઈ રહેલી બેમાંથી ફક્ત એક જ મહિલા મુસલમાન હતી. બીજી મહિલા મુસ્લિમ નહોતી અને તેની પૂછપરછ દરમિયાન જ ઓફિસરોને શંકા ગઈ હતી. ઈમિગ્રેશન કાઉન્ટર પર બિનમુસ્લિમ મહિલાએ દાવો કર્યો હતો કે, તે ઉમરાહ કરવા સાઉદી અરેબિયા જઈ રહી છે. પરંતુ તેની કેટલીક વાતો ગોળગોળ હતી જેના કારણે ઓફિસરોને તેના પર શંકા ગઈ હતી. છેવટે ઈમિગ્રેશન ઓફિસરોએ આ મહિલાને રોકી હતી અને વધુ તપાસ માટે સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યૂરો (આઈબી)ને મામલો સોંપવામાં આવ્યો છે. દરમિયાન સિક્યોરિટી ચેક બાદ ઈમિગ્રેશન ઓફિસરોની પૂછપરછમાં આ મહિલા સાથે મુસાફરી કરી રહેલી અન્ય મહિલા મુસ્લિમ હોવાનું બહાર આવ્યું હતું.

સૂત્રોનું માનીએ તો, વિઝા રેગ્યુલેશન પ્રમાણે, ઉમરાહ માટે જેદ્દાહ જઈ રહ્યા હો તો તમારું મુસ્લિમ હોવું જરૂરી છે. જો તમે મુસ્લિમ હો તો જ ઉમરાહ માટે વિઝા મંજૂર થાય છે. સ્થાનિક અખબાર અમદાવાદ મિરરને સૂત્રો પાસેથી પ્રાપ્ત થયેલી જાણકારી અનુસાર, "બિનમુસ્લિમ મહિલાને ઉમરાહ માટેના વિઝા મળવા અને તે મેળવવામાં કઈ રીતે સફળ રહી તે અંગેના સંતોષકારક જવાબ તેણી નહોતી આપી શકી. જેના લીધે ઈમિગ્રેશન ઓફિસરોને તેના ઉપર શંકા ગઈ હતી."

**સુરત પાલિકાનો નવતર પ્રયોગ**

## સુરતમાં પ્લાસ્ટિક વેસ્ટનો ઉપયોગ કરી ૩૨.૫૬ કિલોમીટર રોડ બનાવ્યો

। (એજન્સી) સુરત, તા.૫ ।

સુરત સહિત સમગ્ર વિશ્વ પ્લાસ્ટિકના દુષણ સામે ઝઝૂમી રહ્યું છે અને પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો થાય તેવા પ્રયાસ વચ્ચે સુરત પાલિકાએ ડામરની જગ્યાએ પ્લાસ્ટિકનો ઉપયોગ કરીને રોડ બનાવવાનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. સુરત પાલિકાએ છેલ્લા થોડા વર્ષોમાં પ્લાસ્ટિકનો ઉપયોગ કરીને ૩૨.૫૬ કિલોમીટરના રોડ બનાવ્યા છે. આ રોડ ડામર રોડ કરતા મજબૂત હોવાનો દાવો થઈ રહ્યો છે જો આ પ્રોજેક્ટ સફળ થાય તો પાલિકા દ્વારા આગામી દિવસોમાં અન્ય રોડને પણ પ્લાસ્ટિકના બનાવવા આયોજન થઈ રહ્યું છે. પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવવા તથા પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો થાય તે માટે પાલિકા તંત્ર કામગીરી કરી રહ્યું છે. જોકે, પ્લાસ્ટિક લોકોના જીવન સાથે વણાઈ ગયું હોય જે પ્લાસ્ટિકનો ઉપયોગ થાય છે તેના નિકાલ માટે પાલિકા તંત્ર કામગીરી કરી રહી છે. સુરત પાલિકાએ છેલ્લા કેટલાક વર્ષોથી પ્લાસ્ટિકના કચરાનો ઉપયોગ કરીને રોડ બનાવવાની કામગીરી નો પાયલોટ પ્રોજેક્ટ શરુ કર્યો છે. જેમાં ડામરની જગ્યાએ પ્લાસ્ટિક વેસ્ટ નો ઉપયોગ રોડ બનાવવા માટે કરવામાં આવે છે. આ ઉપરાંત પાલિકા દ્વારા વેસ્ટ પ્લાસ્ટિક માંથી દૈનિક ૨૦ એમ.ટી. પેલેટસ બનાવી તેનો ઉપયોગ વિવિધ પ્લાસ્ટિક પ્રોડકટ માટે કરવામાં આવે છે.

## રેલવે સંરક્ષામાં શ્રેષ્ઠ કામગીરી બદલ રેલવેના ચાર કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું



। અમદાવાદ, તા.૫ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ ખાતે મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ મંડળ ના ૪ રેલવે કર્મચારીઓને સુરક્ષિત ટ્રેન પરિચાલનમાં શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કર્યા હતા. આ રેલવે કર્મચારીઓને ફરજ દરમિયાન તેમની સતર્કતા અને તકેદારીના કારણે અનિચ્છનીય ઘટનાઓને રોકવામાં તેમના યોગદાન બદલ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વરિષ્ઠ મંડળ સંરક્ષા અધિકારી શ્રી રાકેશ કુમાર ખરાડીએ માહિતી આપતાં જણાવ્યું કે શ્રી હેમંત કુમાર જાંગીડ લોકો પાયલટ-પાલનપુર, શ્રી જગદીશ પ્રસાદ યાદવ સ્ટેશન માસ્ટર- સામખિયાળી, શ્રી ઉપેન્દ્ર કુમાર ગુડ્ડ્ઝ ટ્રેન મેનેજર- ગાંધીધામ અને શ્રી કલ્પેશ કે પોઈન્ટ્સ મેન- કાંકરિયા યાર્ડ ને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું. સન્માનિત કર્મચારીઓએ રેલવે સંરક્ષામાં જેવી કે આગનો તણખો જોવા મળવો, વેગનનો દરવાજો ખુલ્લો જોવા મળવો, બોલિસ્ટર તૂટેલું જોવા મળવું અને હેંગીંગ પાર્ટ જોવા મળવો વગેરે જેવી ક્ષતિઓ જણાઈ આવી કે તુરંત જ યોગ્ય પગલાં લઈને અણધારી ઘટનાઓ અને સંભવિત નુકસાનથી બચાવ્યા છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ આ જાગૃત સંરક્ષા રેલ પ્રહરીઓને પ્રોત્સાહિત કર્યા. અને જણાવ્યું હતું કે યાત્રીઓની સંરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જ્યારે રેલવે કર્મચારીઓ તેમની ફરજ દરમિયાન સતર્કતા અને તકેદારી સાથે કામ કરે છે ત્યારે તે અમને સેફ ટ્રેન વર્કિંગમાં મદદ મળે છે.અમને આ રેલવે કર્મચારીઓ પર ગર્વ છે

### અમદાવાદમાં લસણનો ભાવ ૩૦૦ થી ૫૦૦ રૂપિયા કિલો

## વાસણાના એપીએમસી માર્કેટમાંથી ૧૪ કોથળા લસણની ચોરી થઇ

। અમદાવાદ, તા.૫ ।

લસણના ભાવમાં વધારો થતાં ચોરોએ વિશાલા સર્કલ પાસે આવેલી એગ્રિકલ્ચર પ્રોડ્યુસ એન્ડ માર્કેટ કમિટી (એપીએમસી)ને નિશાન બનાવીને ત્યાંથી ૧૪૦ કિલો લસણના ૧૪ કોથળા ચોરીને રવાના થઈ ગયા હતા. વાસણાના ૩૯ વર્ષીય ગોવિંદ સાવંસાએ વેજલપુર પોલીસમાં પોતાની એફઆઈઆરમાં જણાવ્યું હતું કે, તે ડુંગળી અને લસણના જથ્થાબંધ વેચાણનો ધંધો કરે છે. શનિવારે સવારે લગભગ ૯ વાગે તેઓ મધ્ય પ્રદેશથી લસણની ૧૦૫ બોરીઓ ખરીદી હતી. શનિવારે રાત્રે આઠ વાગ્યાની આસપાસ સાવંસાને લસણની બોરીઓ જમાલપુર માર્કેટમાં લઈ જવાની હતી અને તેના કર્મચારીઓ રિક્ષામાં બોરીઓ ભરીને જતા હતા ત્યારે તેને ૧૪ બોરી ગાયબ જોવા મળી હતી. સાવંસાએ જણાવ્યું હતું કે, તેણે એપીએમસીમાં તેની દુકાનની આસપાસ તે બોરીઓ શોધવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ મળી નહોતી. બાદમાં સીસીટીવી ફૂટેજ ચેક કરતાં જાણવા મળ્યું હતું કે, શનિવારે સાંજે સાડા છ વાગ્યે બે શખ્સોએ ચોરી કરી હતી. સીસીટીવી ફૂટેજમાં જોવા મળ્યું હતું કે એપીએમસીમાં સાવંસાની દુકાન પર બે શખ્સો આવ્યા હતા, લસણની ૧૪ બોરીઓ ઉપાડી, શાંતિથી તેમને એક ઓટોરિક્ષાની અંદર મૂકી દીધા હતા.

### SMCએ તલોદના હરસોલમાં દરોડો પાડ્યો

## સાબરકાંઠાના હરસોલમા ગિફ્ટ સિટી જેવો માહોલ સર્જાયો

। સાબરકાંઠા, તા.૫ ।

સાબરકાંઠામાંથી દારુની હેરાફેરી રાજ્યભરમાં જાણીતી છે. માટે જ સ્થાનિક પોલીસ અને રાજ્યની એજન્સીઓ આ વિસ્તારમાં સતત સતર્ક રહીને હેરાફેરી કરનારાઓને ઝડપી લઈ કાર્યવાહી કરે છે. જોકે આ દરમિયાન સાબરકાંઠામાં એક સ્થળે ગિફ્ટ સિટી જેવો માહોલ સર્જાઈ ગયો હતો. એટલે કે જાણે અહીં દારુની છૂટ અપાઈ ગઈ હોય એમ જ ખૂલ્લામાં બાર જેવો માહોલ બુટલેગરોએ ઉભો કર્યો હતો. સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા અહીં દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડો પાડનારા અધિકારીઓ પણ આશ્ચર્ય અનુભવે એવો માહોલ અહીં જોવા મળ્યો હતો. પાથરણાંઓ પાથરીને બાર જેવો માહોલ સર્જવામાં આવ્યો હતો. જ્યાં બેસીને લોકો આરામથી મહેફિલની મજા માણી શકે. SMCએ તલોદના હરસોલમાં દરોડો પાડ્યો હતો. બાતમીનુસાર ગાંધીનગરની ટીમ અહીં પહોંચી હતી અને સ્થળ પર જોતા જ માહોલ આશ્ચર્ય સર્જનારો હતો. ખુલ્લામાં જાણે કે ગિફ્ટ સિટીની જેમ હરસોલના સ્મશાન વિસ્તારમાં પ્રોહિબીશનની છૂટ અપાઈ હોય એમ દારુની મજા માણવામાં આવી રહી હતી. અહીં દારુ બંધીની છૂટ હોય એમ જ દારુનો આનંદ માણનારા ગ્રાહકો એમની મસ્તીમાં હતા.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨